4BGN2

# THE SPOTLESS INCARNATION

# નકલંક અવતાર



લેખકો:

રેવ. રામસિંહ કહાનદાસ

રેવ. જેમ્સ ઉકાભાઈ

121
4BGN2

# THE SPOTLESS INCARNATION

# નકલંક અવતાર

લેખકો :
રેવ. રામસિંહ કહાનદાસ
અને
રેવ. જેમ્સ ઉકાભાઈ

પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલીસબ્રીજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬

પ્રથમ આવૃત્તિ : ઈ.સ. ૧૯૪૬
પુનઃમુદ્રણ : ઓગસ્ટ, ૧૯૯૫


કિંમત : રૂ. ૫ - ૦૦

**નકલંક અવતારની રાહ જોતા તમામ ભકતજનોને પ્રેમપૂર્વક સમર્પણ**

નકલ : ૧૧૦૦ ઈ.સ. ૧૯૯૫.

મુદ્રક :
જેન્સન કોમ્પ્યુટર્સ, એ/૪, બેથલેહેમ ફલેટસ, પટેલવાડી, ખોખરા સ્વિમીગ પુલ સામે, મણિનગર(પૂર્વ), અમદાવાદ. ફોન : ૨૧૪૭૬૪૧

# સ્વ. નલિકાન્ત એસ. ક્રિશ્ચિયન



જન્મ : ૧-૧૦-૧૯૪૨

મૃત્યુ : ૧૪-૨-૧૯૯૨

સ્વ. નલિકાન્તનો જન્મ મરહૂમ રેવ. રામસિંહ કહાનદાસની દીકરી સુબુધ્ધિબહેન અને શંકરલાલ ભાનુપ્રસાદના કુટુંબમાં તારીખ ૧-૧૦-૧૯૪૨ના રોજ બોરસદ મુકામે થયો હતો.

પ્રાથમિક શિક્ષણ પ્રેક્ટિસીંગ સ્કૂલ બોરસદમાં લીધું. ત્યાર બાદ આઇ. પી. મિશન હાઇસ્કૂલ અમદાવાદમાં અભ્યાસ કર્યો. આ દરમ્યાન શિસ્તપાલન માટેનું ઇનામ પણ તેઓના ફાળે ગયુ હતું. સારા તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેમની ગણના થતી. ત્યાર બાદ B.Ed. અને M.A. પાર્ટ I સ્પેશ્યલ ઈંગ્લીશ સબજેક્ટ રાખીને તેમણે કર્યુ.

તારીખ ૨૫-૫-૭૨ના રોજ સુરત (રાંદેર) નિવાસી આલ્ફ્રેડભાઇની પુત્રી સુવર્ણલત્તા સાથે તેમના લગ્ન થયાં. તેમના કુટુંબમાં ઇશ્વરપિતાએ તેમને પુત્રનો આશીર્વાદ આપ્યો યહોવાહના નામને સ્તુતિ થાઓ. સપ્ટેમ્બર ૧૯૭૬માં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણસમિતિમાં અંગ્રેજી શિક્ષક તરીક નિમણૂક પામ્યા. લગભગ ૧૪ વર્ષ સુધી તેમણે મેઘાણીનગર વિસ્તારમાં નોકરી કરી. આ દરમ્યાન બાળકોમાં તેઓ અતિપ્રિય થઇ પડયા. ગરીબ બાળકો પ્રત્યે તેમના હ્રદયમાં સહાનુભૂતિ અને અનુકંપા હતી. કોઇપણ રીતે તેઓ બાળકોને મદદરૂપ બનતા. સાથી શિક્ષકમિત્રો સાથે પણ તેમના સંબંધો ખૂબ જ સુમેળભર્યા હતા. સંગીતપ્રેમી અને લાગણીશીલ સ્વભાવના હતા.

મંડળીની કોટેજ મિટીંગોમાં તથા અન્ય સંગતોમાં પ્રભુએ તેમને આપેલાં તાલંતો તથા કૃપાદાનોનો તેઓ ઉપયોગ કરતા હતા.

અચાનક ૧લી મે, ૧૯૯૧ના રોજ તેમના પર હૃદયરોગનો હુમલો થયો અને વાલ્વની તકલીફ ઊભી થઇ. ડૉક્ટરે સારવાર માટે મદ્રાસ વેલોર હોસ્પિટલમાં લઇ જવાની સલાહ આપી. આથી તેઓને સારવાર માટે મદ્રાસ 'વેલોર' ખાતે લઇ જવામાં આવ્યા. ત્યાં તેમની ખૂબ જ કાળજીપૂર્વક સારવાર થઇ. પરંતુ હૃદયને વધુ નુક્સાન થયું હોવાથી ઓપરેશન શક્ય ન હોવાથી તેઓ ત્યાંથી તા.૧૪-૧- ૯૨ના રોજ પોતાને ઘેર પાછા આવ્યા. આવીને થોડા સમય બાદ નોકરી પર હાજર પણ થઇ ગયા. ઈશ્વરપિતા પરના પ્રેમ અને વિશ્વાસે તેમના મનથી તેઓ સાજાપણું પામી ચૂક્યા હતા. અને પ્રભુપિતા બોલાવે ત્યારે જવા પણ તૈયાર હતા.

પોતાની નોકરીના સમય દરમ્યાન પ્રાર્થનાસભામાં જ હૃદયરોગનો હુમલો થવાથી તેઓ ત્યાં જ ઢળી પડયા. આમ તારીખ ૧૪-૨- ૯૨ના રોજ સદાયે હસમુખા, મિલનસાર, નમ્ર, બાળકો અને સર્વના પ્યારા નલિનકાન્ત પોતાની જીવનદોડ ધીરજ અને વિશ્વાસથી પૂરી કરી પ્રભુના સદાના વિસામામાં પ્રવેશ પામ્યા.

છેલ્લા દિવસોમાં તેઓના શબ્દો હતા કે, "હવે મને બીક કે ચિંતા નથી, હું મારા પ્રભુને મળવા તૈયાર છું" ખરેખર તેઓ આત્મિક રીતે તૈયાર હતા.

તેમના પરિવારમાં તેમના પત્ની સુવર્ણલત્તાબહેન, પુત્ર ચિરાગ, વૃધ્ધ માતાપિતા, કુટુંબીજનો તથા સ્નેહીજનોને છોડી આજે તેઓ પ્રભુના સાનિધ્યમાં દૂતગણ અને સંતોના સંગાથમાં પ્રભુની સ્તુતિ કરે છે. એક દિવસે અમે તેમને મળીશું. એ જ આશામાં પ્રભુની સ્તુતિ થાઓ.

૩૦, બેરશેબા ક્રિશ્ચિયન સોસાયટી,
વિઠ્ઠલનગરનો ટેકરો, પો.વટવા
ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ-૩૮૨૪૪૫.

સુવર્ણલત્તાબહેન
તથા
પુત્ર ચિરાગ.

# પુનઃમુદ્રણની પ્રસ્તાવના

જૂની ઉત્તર હિંદની સંયુક્ત મંડળીની ચર્ચ કાઉન્સિલની વ્યવસ્થા પ્રમાણે દર વર્ષના ફેબ્રુઆરી માસમાં દરેક મંડળી પોતાની અનુકૂળતાએ સુવાર્તા પ્રચારનું સપ્તાહ ઉજવતી હતી. ઘણી મંડળીઓમાં એક અઠવાડિયું ફક્ત પુરુષો જ સુવાર્તા પ્રચારનું સપ્તાહ ઉજવે અને બીજા અઠવાડિયે ફક્ત બહેનો જ આ સુવાર્તા પ્રચારના અઠવાડિયાની ઉજવણી કરે. એ દિવસોમાં મંડળીનાં ભાઈબહેનો અત્યંત આનંદ અને ઉત્સાહમાં સુવાર્તા પ્રચારનું એ મહાન કામ કરતાં હતાં, અને પોતાની ફરજ બજાવ્યાનો આનંદ માણતાં હતાં.

મને પોતાને યાદ છે કે ઇ.સ. ૧૯૫૦થી ૧૯૫૩ના સમયગાળામાં જ્યારે પ્રાંતિજની સ્ટીલ મેમોરિયલ શાળામાં હું અભ્યાસ કરતો હતો, ત્યારે હોસ્ટેલનાં તમામ છાત્રો પોતાની સમજણ અને બુધ્ધિથી સુવાર્તા પ્રચારનું કામ કરતા હતા.

એ દિવસોમાં સુરતમાં આઇ. પી. મિશનને પોતાનું જ પ્રેસ હોવાથી સારા પ્રમાણમાં ટ્રાક્ટો અને સાહિત્ય છપાઈને સહેલાઈથી મળી રહેતું હતું. પુસ્તકની ખરીદીમાં ઘણા ભાઇ બહેનો “નકલંક અવતાર” એ ચોપડી બહુ જ આનંદ અને ઉત્સાહથી ખરીદતા હતા કરાણ કે તેઓ “નકલંક અવતાર” થનાર છે તેની રાહ જોતા હતા.

આ સમયે ગુજરાતની મંડળીઓ જ્યારે સુવાર્તા પ્રચારના કાર્યમાં મંદ પડી છે અને લોકો પોતાની એ અગત્યની ફરજ ભૂલી ગયા છે ત્યારે મારી વિનંતી છે કે આ પુસ્તક પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબ ખરીદે અને પોતાના પડોશી કે સહકાર્યકર જેઓએ ઇસુનું નામ સાંભળ્યુ નથી તેમને સપ્રેમ ભેટ આપે અને ઇસુની ઓળખ તેમને પમાડે.

આજે બરાબર ૫૦ વર્ષ પછીથી જ્યારે આ પુસ્તકનું પુનઃમુદ્રણ થાય છે ત્યારે પ્રભુના બન્ને મરહૂમ સેવકોના જીવન, તેમની સેવા અને તેમના અભ્યાસ મારફતે "નકલંક અવતાર"ની જે ચોપડી આપણને આપણી માતૃભાષામાં પૂરી પાડી તે માટે તેમના આભારી છીએ.

ફરીથી આ પુસ્તકની મારફતે આપણા દેશના ભાઈબહેનો જેઓ હજુ પણ "નકલંક અવતાર"ની રાહ જોઈ રહ્યા છે. તેમને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાચી ઓળખ મળે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તે જગતનાં તમામ લોકો માટે જે તારણ તૈયાર કર્યુ છે તેના ભાગીદાર બને.

આ પુસ્તકના પુનઃમુદ્રણ માટે આ પુસ્તકના લેખક મરહૂમ રેવ. રામસિંહ કહાનદાસના દૌહિત્ર મરહૂમ નલિનકાન્ત એસ. ક્રિશ્ચિયનની સ્નેહસ્મૃતિમાં તેમના ધર્મપત્ની શ્રીમતી સુવર્ણાબહેન તથા પુત્ર ચિરાગ તરફથી રૂ. ૫૦૦૦/- નું જે દાન મળ્યું તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**ઈમાનુએલ સી. ક્રિસ્ટી,**
**સેક્રેટરી,**
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

# બે બોલ

ઘણાં વર્ષો સુધી ભાવનગર પાસે ભરાતા કોળીઆકના મેળામાં દર વર્ષે ભાગ લેવાથી રેવ. રામસિંહભાઈને જે અનુભવ થયો, અને તે પરથી તેમને આત્માની શાંતિ અને ઉદ્ધારને લગતા જે વિચાર સૂઝયા, તે નકલંકની રાહ જોતા ભકતજનો આગળ જાહેર કરવા તેમણે આ પુસ્તિકાના પ્રથમ ભાગમાં આપેલા નકલંકની અગમવાણીને લગતાં ભજનો ઘણાં વર્ષો પર એકઠાં કર્યાં હતાં. તે ભજનો તેમણે જાતે ઉત્સાહપૂર્વક ગવાતાં સાંભળ્યાં છે. એ ભજનોમાં જે વિચારો જોવામાં આવે છે, તે નકલંક અવતાર પ્રભુ ઈસુને કેવી રીતે આબેહૂબ બંધબેસતા આવે છે તે જણાવવાની તેમની આતુર ઈચ્છા છેવટે પૂરી થઈ છે. હવે અમે નકલંકના ઈશ્વરી અવતારની રાહ જોતા અમારા દેશબંધુઓને આ પુસ્તિકા સપ્રેમ અર્પણ કરીએ છીએ, અને પરમેશ્વર પિતાની પ્રાર્થના કરીએ છીએ કે તે તેમને એકનાએક નકલંક પ્રભુ ઈસુનો સ્વીકાર કરવા પ્રકાશ, ડહાપણ, દોરવણી અને મદદ આપે.

ભાવનગર
ઑગસ્ટ ૧૯૪૬

જેમ્સ ઉકાભાઈ

# અનુક્રમણિકા

## ભાગ ૧ લો

ઉપોદ્ઘાત ૧

નકલંકનો મેળો ૪

૧. અગમવાણીઓ ૬

૨. ભજનોમાં ગવાતા રહસ્યની તારવણી ૧૮

(અ) અગમવાણીઓમાં નકલંકને સંબોધેલાં નામ, ઉપનામ ૧૮

(બ) અગમવાણીઓમાં દર્શાવેલાં નકલંકનાં ભાવિ કામ ૧૯

## ભાગ ૨ જો

૧. પ્રસ્તાવના

(અ) નકલંક અવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને પવિત્રશાસ્ત્રમાં આપેલાં નામોની થોડી યાદી ૨૦

(બ) નકલંક અવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં કામ વિષે ટૂંકી નોંધ ૨૩

(ક) નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્ત સંબંધી ભાખવામાં આવેલાં આગમ ૨૪

૨. નકલંક અવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે ખાસ જાણવા લાયક બીનાઓ

૧. નકલંક અવતારનું આવવું ૨૮

૨. નકલંક અવતારે પ્રગટ થઈને કરેલાં કામ ૩૧

૩. નકલંક અવતાર માનવજાતનાં કલંક ટાળે છે ૩૨

૪. એ મુક્તિનો લાભ કેવી રીતે મળે ? ૩૬

(અ) પસ્તાવાનો અગ્નિ પ્રગટાવા દો ૩૬

(બ) વિશ્વાસનો આશ્રય લો ૩૭

(ક) નકલંક પ્રભુ ઈસુને સંપૂર્ણ આધીન થઈ જાઓ ૩૭

(ડ) તમારે નિર્ભય બનવું જોઈએ ૩૮

૩. નકલંક પ્રભુ ઈસુના આગમનથી નિપજેલાં પરિણામ. ૩૯

૧. અંધકાર લોપ થતો જાય છે. ૩૯

૨. સતયુગની સ્થાપના થઈ ચૂકી છે ૩૯

૩. સૃષ્ટિમાં નવો પલ્ટો થતો જાય છે. ૪૦

૪. તે કુમારી કન્યાને વર્યો છે. ૪૧

૪. નકલંકનું બીજી વાર પ્રગટ થવું. ૪૨

(અ) નકલંક પ્રભુ ઈસુના બીજી વખત પ્રગટ થવા વિષેની અગમવાણીઓ ૪૪

(બ) નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત બીજી વાર પ્રગટ થશે તે વિષે આપેલું એક ભાવિ દ્રશ્ય ૪૬

(ક) નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્તના બીજી વાર પ્રગટ થવાને સમયે થનાર છેલ્લા ન્યાયકાળનું દ્રશ્ય ૪૭

૧. ન્યાયનો દિવસ ૪૭

૨. પુનરુત્થાન અને છેલ્લો ન્યાયકાળ ૪૮

૩. સહસ્ત્ર વર્ષ સુધીનો શેતાન (કાળિંગા)નો બંદીવાસ, અને છેવટે તેનો વિનાશ ૪૮

૫. નકલંકનો છેલ્લો મહામેળો ૪૯

# નકલંક અવતાર

## ભાગ ૧ લો

## ઉપોદ્‌ઘાત

ઈશ્વર અવતાર લે છે, એ વાત લોકો પુરાતન જમાનાથી માનતા આવ્યા છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયના ૭ અને ૮ માં શ્લોકમાં નીચે પ્રમાણે લખ્યું છે :-

यदायदा हिधमस्य ग्लानिभवति भारत ।

अभ्युत्थानम धमस्य तदात्मानं सजाम्यहम ।।

જયારે જયારે ધર્મની ગ્લાનિ થાય છે, અધર્મનું જોર વધે છે, ત્યારે ત્યારે હે અર્જુન, હું અવતાર ધારણ કરું છું.

परित्राणाय साधुनाम विनाशाय च दुषकताम ।

धमसँस्थापनाथांय संभवामि युगे युगे ।।

સાધુઓનું સંરક્ષણ કરવા, દુષ્ટોનો વિનાશ કરવા તથા ધર્મનું સારી રીતે સ્થાપન કરવા માટે હું યુગે યુગે અવતાર લઉં છું.

પૌરાણિક હિંદુ ધર્મમાં વિષ્ણુના દશ અવતારની વાત આવે છે. મુસલમાનો, ઈશ્વર અવતાર લે છે એ વાતનો ઈન્કાર કરે છે; છતાં તેમનો ''અલ અલ્લાહિં'' નામનો એક પંથ જે ''ગુપ્તપંથ'' કહેવાય છે, અને આપણા દેશમાં જે ''ખોજાપંથ'' તરીકે જાણીતો છે; તેઓ હઝરત મહંમદ પયગંબર સાહેબના જમાઈ હઝરત અલી તથા તેમના વંશવારસોને, વિષ્ણુનો દસમો અવતાર માની તેમની ભકિતપૂજા કરે છે. હાલમાં એ સ્થાન નામદાર આગાખાન ભોગવે છે. માહદી નામે ૧૨મો ઈમામ જે છેલ્લો અવતાર થવાનો છે તે વાત તેઓ માને છે. પારસી ધર્મની માન્યતા છે કે, સોસિયોશ

નામે ઈશ્વરનો એક છેલ્લો અવતાર પ્રગટ થવાનો છે. બૌદ્ધ ધર્મીઓ માને છે કે, ગૌતમ બુદ્ધ તે ઈશ્વરનો અવતાર હતા. યહૂદીઓ માને છે કે મસીહ નામે ઈશ્વરનો એક સેવક પ્રગટ થવાનો છે, અને તે અમારો ઉદ્ધાર કરશે. ખ્રિસ્તીઓ માને છે કે, ઈસુ ખ્રિસ્તરૂપે ઈશ્વરે અવતાર લીધો છે, અને તેણે દુનિયાનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરીને પાપી માણસોને માટે મોક્ષ એટલે આત્માની સદ્ગતિનો ઉપાય કર્યો છે. આ પ્રમાણે જુદા જુદા ધર્મોમાં, ઈશ્વર અવતાર લે છે, એટલે મનુષ્યદેહ ધારણ કરે છે તે વિચાર સારી પેઠે પ્રચલિત છે.

ગુજરાત કાઠિયાવાડના સાધારણ જનસમૂહમાં એવી માન્યતા છે કે, નકલંક નામે ઈશ્વરનો એક અવતાર થવાનો છે. વળી તેને વિષે એમ કહેવામાં આવ્યું છે કે, જયારે તે પ્રગટ થશે ત્યારે,

ગામે ગામ તોરણ બંધાશે,
વગર દીવેલના દીવા થશે,
વગર બળદે ગાડી ચાલશે,
દેહરે દેહરે ઘંટ વાગશે,
ઉંચ નીચનો ભેદ નાશ પામશે,

નકલંકના ભકતો લોઢાના દંડ વડે રાજ કરશે, ઈત્યાદિ. વળી નકલંક અવતાર વિષે કેટલાક ભકતો અને કવિઓએ નીચે પ્રમાણે કહ્યું છે -

જયારે નિષ્કલંક મહારાજ આવશે,
ત્યારે પૃથ્વી પર મોટો ફેરફાર થશે,
વાઘ, બકરી સાથે સાથે રહેશે.
વેર કજીયા ટળીને સંપશાંતિ સ્થપાશે.

... ... ...

કુડિયા, કપટિયાને ટાળશે,
સર્વ ખોટા ધર્મને સંહારશે,
નાતજાત કોઈ નહિ પાળશે,
સકળ જગમાં જયજયકાર વર્તાવશે.

........ ........ ........

દક્ષમે, દેવ નકલંક જાગશે, વરતાશે જયજયકાર,
મેઘડી રાણીને પ્રભુજી પરણશે, ને થાશે એકાકાર.

.......... .......... .........

આપણા દેશના પ્રખ્યાત કવિ પ્રેમાનંદે એમ ભાખ્યું છે કે :-

દસમે નિષ્કલંકી અવતાર થાશે એકાકાર,
શામ શા માટે ?
પાપમાંથી પુન્ય વર્તાવશે, એ દસમો અવતાર,
ઓધવ તે માટે !

........ .......... .........

તેમ જ થોડા થોડા શબ્દોમાં આવા ઉલ્લેખ કરેલા છે કે,

''કલ્કી અવતાર એ સત્ય, ન્યાય અને ધર્મના વિજયની મનુષ્યે બાંધેલી આશાની ભાવના છે.''

''થનાર દસમો અવતાર, નાગી તલવારે લીલા ઘોડા ઉપર સવાર થઈને આવશે. તે દુષ્ટોનો સંહાર કરશે તથા સતયુગનો ધર્મ ચલાવશે.'' કેટલાકની માન્યતા છે કે ''કલ્કી થનાર દસમો અવતાર સફેદ ઘોડા ઉપર બેઠેલો તથા હાથમાં અગ્નિરુપ તલવાર લઈને પાપીઓનો પૂર્ણ નાશ કરવા તથા સદ્ધર્મ સંપૂર્ણ રીતે સ્થાપના કરવા, કલિયુગને અંતે આવશે.''

નકલંકના આ અવતાર વિષે લોકો એટલા બધા જાણીતા છે અને તેમાં તેઓ એટલો બધો રસ લે છે કે, તેના વિષેના વિચારો તાજા રાખવા અને તેના પ્રગટ થવાની રાહ જોવા તેઓ હંમેશાં આતુર રહે છે, એ જ કારણથી

## નકલંકનો મેળો

નકલંકનો મેળો નામે ઓળખાતો મેળો પણ દર સાલ ભરવામાં આવે છે. કાઠિયાવાડમાં ખંભાતના અખાતને કિનારે ઘોઘા નામે એક પૂરાણું બંદર આવેલું છે. તેની દક્ષિણે પાંચેક માઈલ પર ભાવનગર સંસ્થાનનાં કોળિયાક અને ગુંદી નામનાં બે ગામ સામસામે આવેલાં છે. એ બે ગામની વચ્ચે માળેશ્વરી નામે નદી વહે છે. તેના બંન્ને કાંઠા પર શ્રાવણ માસની છેલ્લી રાતે તથા ભાદરવાના પહેલા દિવસે આ મેળો ભરાય છે. આ મેળાને ત્યાંના લોકો ''કોળિયાકનો મેળો'' ''ભાદરવીનો મેળો'' તથા ''નકલંકનો મેળો'' એ ત્રણે નામે ઓળખાવે છે. સાધારણ રીતે અશિક્ષિત ગ્રામ્ય લોકો તેમ જ સાધુસંતો અને ભકતજનો, વેપારીઓ અને પ્રેક્ષકો દૂર દૂરથી ત્યાં આવે છે. ત્યાં વ્યવસ્થા રાખવા સારુ ભાવનગર રાજનો રસાલો પણ હાજર રહે છે.

આ મેળામાં અમે ઘણીવાર ભાગ લીધો છે, અને જાતે તેનો અનુભવ કર્યો છે. યાત્રાળુઓ રાતને વખતે નદીને બન્ને કાંઠે ઉતારો કરે છે. સ્ત્રીપુરુષો રાસડા અને ગરબાથી મેળો ગજાવી મૂકે છે , ભજનકિર્તનો લલકારવામાં આવે છે, દુહા લાંબે સૂરે બોલાય છે, અને સોરઠાનો ધ્વનિ પણ સાંભળવામાં આવે છે. આ પ્રમાણે જુદી જુદી રીતે ભજનો ગાઈને લોકો મેળાની મોજ માણે છે. તેમનાં ભજનોનો અવાજ લગભગ એક માઈલ સુધી સંભળાય છે. હલામણ જેઠવો તથા શોણ રાણીના દુહા ઘણા પુરાણા અને

લોકપ્રિય છે. તે ઉપરાંત ત્યાં રમતગમતના મંડપ, ચ્હાની, કંદોઈની તથા ફરાળને માટે અનેક પ્રકારના મેવાની દુકાનો નજરે પડે છે.

મેળાના સ્થળથી આશરે માઈલેક દૂર માળેશ્વરી નદી ખંભાતના અખાતને મળે છે. ત્યાં દરિયામાં એક ચોતરો બાંધેલો છે, અને તેના પર નકલંકની દહેરી બાંધેલી છે. આજુબાજુ લગભગ બે ફલાંગ સુધી ભરતીનાં પાણી ફરી વળે છે. યાત્રાળુ લોકો મોટી સવારે શુમારે પાંચ વાગતાં ત્યાં જવા નીકળે છે, અને સૂર્યોદય થયા પહેલાં નકલંકની દહેરીએ પહોંચવાને તેઓ તલપાપડ થઈ રહે છે. તેઓ ત્યાં જવા એટલા બધા આતુર હોય છે કે ભરતી ઊતરી જવાની રાહ પણ જોતા નથી. લોકના ટોળાની ને ભરતીનાં પાણીની વચ્ચે રાજના ઘોડેસવારો ઊભા રહે છે, અને તેઓ લોકને પાણીમાં ઝંપલાવતાં અટકાવે છે. ખાડી લગોલગ ભરતી ઊતરી જાય છે ત્યારે તેઓ લોકને દહેરી તરફ જવા દે છે. એ વખતે પાણીમાં અબોટ થયેલી દહેરી ખુલ્લી થવાથી લોકોની દૃષ્ટિએ પડે છે. યાત્રાળુઓમાંના ઘણા પોતાની સાથે ધજાધજાગરા લઈને દહેરી તરફ ધસી જાય છે. દહેરી પર જે માણસ પ્રથમ ધજાધજાગરો ચઢાવે તેની માનવમેદની વાહવાહ બોલે છે. આ પ્રકારની શાબાશી મેળવવા સારુ કોઈ કોઈ વખત લોકો એટલું બધું સાહસ ખેડે છે કે તેઓ પોતાના જાનને જોખમમાં નાખે છે, ને કોઈ કોઈ તો પોતાનો જાન પાણીમાં ખોઈ પણ બેસે છે. આ અમે નજરોનજર જોયું છે.

એ પછી યાત્રાળુઓ ખાડીમાં સ્નાન કરીને મેળાને સ્થળે પાછા ફરે છે. એ વખતે એક માઈલ સુધી રસ્તાની બન્ને બાજુએ સાધુઓ, ભિક્ષુકો તથા ગાનારાઓ હારબંધ બેઠેલા નજરે પડે છે. તેઓને પૈસા, દાન, દક્ષિણા આપતા આપતા યાત્રાળુઓ ચાલ્યા

જાય છે. આ પ્રસંગે કેટલાક સાધુઓ બાવળની સૂળો પર સૂતેલા, કેટલાક ખાડામાં ઊંધે માથે અર્ધા દટાંએલા અને એમ જુદી જુદી રીતે તપશ્ચર્યા કરતા નજરે પડે છે. આ બધો દેખાવ બહુ આકર્ષક અને ધ્યાન ખેંચે એવો હોય છે.

આ પ્રસંગે દરિયાકાંઠે ઘોડા અને ઊંટ દોડાવવાની શરત ખેલાય છે, તે જોવા સારુ માનવમેદની જામે છે, અને ઝડપી જાનવરની તારીફ કરવામાં આવે છે.

છેલ્લે યાત્રાળુઓ મેળાના સ્થળે પહોંચી જાય છે, અને લોકો નાસ્તો તથા હુંગા - પાણી કરવાને બેસે છે. ઘણા ફરાળ કરે છે, અને દુકાનોમાંથી જાતજાતની વસ્તુઓ ખરીદીને બપોર પછી યાત્રાળુઓ પોતપોતાના ગામ તરફ પાછા ફરે છે.

## (૧) અગમવાણીઓ

આ મેળામાં રાત્રે જે ભજનો ગવાય છે, તેમાં નકલંકની અગમવાણીઓ મોટે ભાગે સાંભળવામાં આવે છે. ભાવિક ભકતજનોને એ અગમવાણીઓ ઘણી પ્રિય હોવાથી અમે તેમને બહુ હોંશભેર ગાતાં જોયા છે. સ્ત્રીપુરુષો મંજીરા તથા તંબુરાના અવાજનું અદ્‌ભુત મિશ્રણ કરીને ગાય છે, જેથી તેઓનું ગાયન ને વાદ્ય પ્રેક્ષકોના કર્ણને અતિશય આકર્ષક નિવડયા વિના રહેતું નથી. એ અગમવાણીનાં ભજનોએ અમારું અતિશય ધ્યાન ખેંચ્યું છે. જે નિષ્કલંક અવતારને અમે માનીએ છીએ તેની સાથે આ અગમવાણીઓ અદ્‌ભુત રીતે મળતી આવે છે. તેથી અમે એ વિષે વિશેષ વિચાર કર્યો છે, અને આ મેળામાં ભાગ લેનાર તમામ માણસોને માટે, તેમ જ નકલંકની અગમવાણીઓને ખુલ્લે કંઠે ગાનારને માટે આ પુસ્તિકામાં અમે તેનો થોડો સંગ્રહ કર્યો છે, તેમ જ એ અગમવાણીઓમાં જે સત્ય રહસ્ય સમાયેલું છે, તે તમામ

જનસમૂહની સમક્ષ અમે જાહેર કરવા ચાહીએ છીએ :-

**પ્રથમ અમે અગમવાણીઓ રજૂ કરીએ છીએ.**

## ભજન ૧ લું

## મંગળાચરણ

સર્વકાળકા નામ અવિનાશી,
અવિનાશીકા નામ કુંવર,
કુંવર કા નામ અક્ષરા અતીત,
અક્ષરા અતીત બાળ અતીત. ૧

બાળ અતીત, અખંડા અતીત
જગજીત, કાળજીત શબ્દ,
પવનજીત, અન્નજીત,
અગ્રજીત, જગજીત. ૨

ઉસકા શોન્ મંડપમાં વાસા,
શોન મંડપમાં હુવા પ્રકાશા,
શિષ્યે બિડા લીયા.
સંગ સાહેબ પવિત્ર આત્મા,
અમર સાહેબ હકક,
શ્રી સૂત સાહેબ હકક. ૩

□

## ભજન ૨ જું

પોકારથી પ્રકાશ હોશે,
અભિરામ કુળ અવતાર
વડો કુંવર જેને બોલીએ,
આગમનો એ એધાણ. ૧

---

અતીત = વૈરાગી
અક્ષરા અતીત = આત્માથી જુદો પરમેશ્વર
અભિરામ = મનોહર
એધાણ = નિસાણી.

તે દિ ઢોલ ધર્મનાં વાગશે,
નિસાણે ફરકશે દૂવાઈ,
છત્રપતિ તે દિ જાગશે,
ત્યારે મેઘવાળ મુક્તિ હોઈ. ૨

□

## ભજન ૩જું

ઓછા ડગમગશે, કુડા લથડશે, ખોટા કેમ તરશે? ૧
ભ્રાંતવાળા કેમ ભળશે? લાવજો સાચાની શોધ. ૨
છત્રપતિ જાગશે, ઢોલ ધર્મનાં વાગશે, કબરોમાંથી જાગશે. ૩
કાયમ લેખાં માગશે. કુડીયા નરને કાપશે, સાચા નરને રાખશે. ૪

□

## ભજન ૪થું

પહેલાં પહેલાં પવન ફરકશે તે દિ ચોકખાં કરાશે રૂદિયાં.
નકલંકી સાથે ઘણા દૂતો આવશે,આપણા ગુરુજીનાં અગમ ભાખિયાં. ટેક.
ભાઈ બગિયા ઊઠી સ્થિર બેસશે, હંશા કરે રે, સતની સેવ,
નાતે પરનાતે દેશે નહોતરાં, વળતી જાગે રે નકલંકી દેવ. ૧
કુડાં પુસ્તક ખોટાં પડશે, પડશે કાજીનાં કુરાન,
અસલી જાદી ચૂડો પહેરશે, આવ્યાં નકલંકનાં એધાણ. ૨
પોરો ટળવાનો છે પાપનો, સતનો આવે છે જોગ,
ઘણા નર જશે ખાંડા તળે, બીજા જાગશે રોગ. ૩
ત્યારે કુમતિ જશે લોકોતણી, સતિયા થાશે અપાર,
સતનાં દેવાશે રે વધામણાં, આખી દુનિયાને દ્વાર. ૪

---

નિસાણ = વાવટો.

ઓછા = અપૂર્ણ કે અધૂરા.

અક્ષલી = ખરી (વારસ.) જાદી = દીકરી.

નિજવણ = ધીમી આંચે તાપ દેવો તે. અગમ = ભવિષ્ય

ત્યારે સહસ્ત્ર કિરણે સૂરજ તપશે, કલિંગા શિજવણ ત્યાંય,
તે દિ જોશીડા જનોઈઓ ઉતારશે, સવરા મંડપની માંહ્ય. ૫
નવું ઉથાપિ, જૂનું સ્થાપશે, વરતાવશે સતનો પોરો,
નિરંજન કાળિંગાને છેદશે, ભજાશે નિષ્કલંકી પ્યારો. ૬
કળજુગ ઉથાપી સતજુગ સ્થાપશે, પછી થાશે સતજુગ વારો,
સરવણ પંડિત બોલિયા, સત કરી માનો વાંચનારો. ૭

□

## ભજન ૫મું

પૃથ્વીની પીઠે વાગે પરછંદા,
શિંગ ફુંકાણું ને પહોંચે શબ્દા. ૧
જાગોને જોગેશ્વર આંખ ઉઘાડી,
જુઓ કાળિંગાએ ભેળી છે વાડી. ૨
ધોળે ઘોડે ચડશે રાજા દેવનંદા,
મારી કાળિંગાને કરશે ખંડા. ૩
મંડળીને પરણશે બાવો બાળ મુકુંદા,
ગુરુચેલા શ્વેત પંડા ૪
જાગોને જોગેશ્વર કરોને કમાઈઓ,
આવ્યા નકલંકી, લ્યો વધાઈઓ. ૫
સતી નારી એની સંગે ગોરાઈઓ,
મંગળ ગાશે કન્યા કુંવારીઓ. ૬
પરણશે પૃથ્વીપતિ, બાંધશે પલ્લા,
ભકત મુકિતનું ફળ લેશે ભલ્લાં. ૭

---

પરછંદા - પડઘા. ભેળી છે - ભેલાડી દીધી છે.
પંડો - વિભાગ પલ્લા - છેડા.

બ્રાહ્મણ, વાણિયો, જે નામે ધર્મ મુસલ્લા,
એક થાળીએ જમાડશે અલ્લા. ૮
નિષ્કલંકી બાવો આવશે તે દૈતને કાઢશે,
સર્વ કુડીઆ પર તે રૂઠશે. ૯
ઈષ્ટ દેવ જયારે ચકવે ચઢશે,
ત્યારે હાહાકાર વરતાશે. ૧૦
શાંમ, સદાશિવ અધિક અંધા,
સહુ કુડિયાપંથી ભેળા બળશે. ૧૧
જે પરમેશ્વરની બંદગી કરતા,
આગમ બોલ્યા એ શબ્દા. ૧૨

□

## ભજન ૬ઠ્ઠું.

ઢોલ ધર્મનાં વાગશે, બ્રહ્માંડ ગાજશે ત્યાંય,
સતને વચને ચાલજો, તમે પૃથ્વી ખેતર માંહ્ય. - ટેક
ઉત્તર થકી સવારી આવશે, પાગડે ધરી પાય,
કુડીઆ નરને બાવો છેદશે, ભૂમંડળનો રાય. ઢોલ. ૧
તે દિ કાળી કોયલ ધોળી થશે, ઉજળા થશે કાગ,
ઘોરે ઘોરે નર જાગશે, પૃથ્વીની પીઠે અથાગ. ઢોલ. ૨
ત્યારે ચોર ચોરી નહિ કરે, વાઘ સાથે વસે ગાય,
તે દિ મારો નિષ્કલંકી બાવો જાગશે, પાછું હતું તેવું થાય. ઢોલ. ૩
અખંડ ધારે મેહ વર્સશે, નીર ખગળા થાય,
તેના પડઘાએ કાળિંગો ભાગશે, પાણી તણે પડછાય. ઢોલ. ૪
કાયમ ખાંડે ઝુંઝશે, મોટા અડબંગ ભાગ્યા જાય,
તે દિ કાળાં કલંક ઉતારશે, સવરા મંડપ માંહ્ય. ઢોલ. ૫

ઘેરેઘેર તે દિ મંડળી સ્થાપશે, શેરીએ શેરીએ મંદિર,
દિનથકી દેવાંત બોલિયા, ધૂણીએ, ધૂણીએ જાગશે શરીર. ઢોલ. ૬

□

## ભજન ૭મું

સામરે નગર મેં આયે મેરે મીરાં, નકલંક નાકા નામ,
ડેહેરાં દીધા દિનકા, સારી જુગત કરે સલામ. ૧
તમે સાંભળો દેવર દેનાર. ટેક
જૂની જાંગી વાગશે, ઝળકશે સોનેરી નિશાન,
તે દિ સાહેબો મારો બેસશે, શ્વેત અશ્વને પલાણ. ૨
તે દિ ચોદિશાએ દળ ચાલશે, આકાશે નિશાણીઓ થાય,
એવા અસળી યોદ્ધા આવશે, મારા અલખના દળ માંય. ૩
મારો સાહેબો ખાતાં ખોલશે, કુડીઆનો કાઢશે ઘાણ,
કાચા સોનાની ગોડે બાવો તાવશે, તે દિ સતિયા પામે નિર્વાણ. ૪

---

ડેહેરા - તંબુ અગર નકલંકની મંડળી.
જાંગી - રણશિંગડું
જૂની - જૂના નગરે (ખરું શહેર)
અલખ - પરમાત્મા
અતળી - અતુલ, અમાપ
જડું - જડમૂળ
ગોડે - પેઠે, તેમ.
મેઘડી - આકાશના મેઘો પર બિરાજેલી કન્યા, મેઘવાળની કન્યા.
છાંટા - રેસાદાર ચાબૂક
એધાંણ - નિશાની

ત્રાંબા વરણી ધરતિ, રુપા વરણું મંડળ,
સતનો સાહેબો આવશે, જગતનો ગોવાળ. ૫
રાજા ચઢી આવશે, ખાતાં ખોલશે અપાર,
તે દિ કુડિયાની જડું કાઢશે, દેશે છાંટ્ટાની માર. ૬
સતિયા સાધુજી પધારશે, ખરા ભકતો જાગશે અપાર,
બ્રાહ્મણ, વૈષ્ણવ ને વાણિયા, થાશે એકાકાર. ૭
કાળી કોયલ બાવો ટાળશે, ઉજળા થાશે કાગ,
ખારા સમુદ્ર મીઠા થાશે, તે દિ નિઃવિખ થાશે નાગ. ૮
વાંઝવેલે ફળ લાગશે, નકલંકની આગળ મેલાય,
નિષ્કલંક પરણશે મેધડી, વણથળીએ વેવાય. ૯
ત્યારે બગલા ગોખે બેસશે, હંસા તોડશે હાથ,
સતિયા આજ્ઞા નહિ લોપશે, કાયમ કરશે રાજ. ૧૦
નાનેરો, મોટાનું કહ્યું કરશે, આણે માતપિતાની લાજ,
નરનું કહ્યું નારી કરશે, સતયુગ આવ્યો આજ. ૧૧
ઘણા કાળ વહી ગયા, આ જુદો જુગ જાણ,
સરવણ સેવક બોલીઆ, એ છે આગમનાં એંધાણ. ૧૨

□

## ભજન ૮ મું

કાળ, ક્રોધ, નિંદાને પરહરો, સાચા ધર્મ સંભારો. ટેક
મન વિનવીને સંતો તમને સમજાવું, પવન વેગે બોલાવું,
અચળ પર્વત ધરા ધૂજશે, દૂતો સાથ તમને મિલાવું. ૧
વનસ્પતિ બાવો રોપાવશે, નદીએ થાણાં સ્થપાવે,
રણ ખેતરમાં સિંહાસન માંડી, પાપીનો પરલો કરાવે. ૨

નાગર વેલે અમૃતફળ હોશે, સતિયાનો વધારો બાવો કરશે,
એ તો અમરગળ સતિયા સાધુ ખાશે, જે દિ કાળિંગો મરશે. ૩
દુસરી સવારીએ બાવો દયા વર્તાવશે, નકલંકી નામ ભજાશે,
મન માનશે, તન હરખશે, જે દિ સતધર્મ વરતાશે. ૪
કુડિયા ને કપટી, લોભિયા ને લાલચુ, મેં શરણાગત તેરા,
ધર્મનો સાથી દેવાંતમીર બોલ્યા, મેં આધિન હું તેરા. ૫

□

## ભજન ૯મું

ભાગ કાળિંગા ભાગ, તને નકલંકી મારશે. ટેક
ભૂરા શંખ વાગશે, ઘોરે ઘોરે નર જાગશે. ૧
ધણી બાવાની પાટ પર, નિશાન નોબત વાગશે. ૨
જયારે નકલંકી આવશે, તે દિ કાળિંગાનો ઘાટ ઘડાશે. ૩
હાથે પગે સાંકળ બાંધી, અઘોર અંધારામાં નાખશે. ૪
ભાણ અજવાળું બળશે, અગણિત તારા ખભળશે. ૫
શ્વેત ઘોડે મારો કાયમ ચઢશે, આલમનો રાજા આવશે. ૬

□

## ભજન ૧૦મું

ઘોડંલે પાખર માંડે, ધરતી અગમ ડોલે,
પડછંદા પડે, ધણીનાં, સૈન્ય આગળ ચાલે. ૧
કાયમ આવશે લેખાં માગશે, એનું સાચું જાણ,
એવો નર કોણ હશે? જે લોપશે તેની આણ? ૨
જયારે ઐરાવો ચકરાવો કરી, કાળિંગાને ભિંસરશે,
કુડિયા, કપટિયા, કુટીઆ, મુડીઆ એ સર્વ ભાગશે. ૩
છે નરક ઠામ જયાંય, કાળિગાનો વાસો ત્યાંય,
ત્યારે સતિયામાં જે ટકીઆ, તેઓ સુખધામ જાય. ૪

પાખર = સાજ, દેશી જીન

બોલ્યા દેવાંત પંડયો, ત્યારે પૃથ્વીમાં અજવાળું થાય,
જેઓ ગાય, બજાવે,સાંભળે, તેઓ સતની પકડો બાંહ્ય. ૫

□

## ભજન ૧૧મું

પશ્ચિમ દિશામાં એનાં દળ ચઢશે, સાહેબ આપ સરદાર
ભૂંડું, કુડું પૂરું પાલટશે, ભાગશે અસતિયા નિરધાર.
આવજો પૃથ્વીના પાટવી ટેક
સતિયા જૂએ તારી વાટ, જૂને નગર વાજાં વાગશે,
મોતી જડિત મુગટ શિરપર મુકયા હીરા જડિત મંડપ જડાવશે. ૨
ઠામે ઠામ અંશ્વાર ચઢશે, બોલાવશે સહુ ઘર સુત્ર,
પહેલી બડાબડી બ્રાહ્મણોમાં, પછી વણિકા પુત્ર. ૩
પછી જગત વસ્તીનાં જોગિયાં, ભકત વસુનાં કાંબડીયાં,
સ્વામી રાજા લેખાં માગશે, તે દિ શેરી સાંકડિયાં. ૪
જૂને નગર જાંગી વાગશે, પોથાં, થોથાં, થાશે,
કોઈ નહિ પઢશે કુરાન, સતવેદ નંકળિકીના વંચાશે .૫
પૃથ્વી ખેતરના રાજવિયો, તમે વાંચો રે સત કલામ,
આગે સતિયાં હતાં માનવિયો, પછી અસતિયું થયું કામ. ૬
નકકી થયા નઠારા સૌ જણા, હવે પાપથી છૂટશો કીમ ?
વૈતરાં શિરપર આવણાં, બોલ્યા પંડયો ભીમ. ૭

□

## ભજન ૧૨મું

પેલા પેલા પવન ફરકશે, નદીએ નહિ હોય નીર,
ઉત્તર દિશાથી સાહેબ આવશે, આગળ હળવો, વીર. ૧
દેવાયત પંડિત દહાડા દાખવે, સુણલે દેવર દેનાર.
આપણા ગુરુએ સત્ય ભાખિયું, જુઠડાં નહિ લગાર,
લખ્યા ને ભાખ્યા રે, સોય દીન આવશે. ટેક
ધરતી સાથે હેમર હાલશે, સૂના નગર મોઝાર,
લક્ષ્મી લુંટાશે લોકોતણી, તેની કાંઈ રાવને બૂમ. દેવાયત. ૨
પોરોરે આવ્યો સંતો પાપનો, ધરતી માગેરે ભોગ.
કેટલાક ખડ્ગે સંહારાશે, કેટલાક મરશે રોગ ઉનાય. દેવાયત. ૩
પોથી ને પુસ્તક ખોટાં થશે, ખોટા કાજીનાં કૂરાન.
અસલી જાદી ચૂડો પહેરશે, એ છે આગમનાં એધાણ. દેવાયત. ૪
જતી સતી ને સાબરમતી જયાં, હશે શૂરાનાં સંગ્રામ.
કાયમ, કાળિંગાને મારશે, ધરશે નકલંકી નામ. દેવાયત. ૫
કાંકરીએ તળાવે તંબુ તાણશે, સો સો ગાઉની સીમ.
રૂડી દીશે, રળિયામણી બાળા, સાથે અર્જુનને ભીમ. દેવાયત. ૬
પશ્ચિમ દિશાથી સાહેબો આવશે, આવે મારો જુગનો જીવન.
કળજુગ ઉથાપિ સતજુગ સ્થાપશે, બોલ્યા દેવાયત પીર. દેવાયત. ૭

□

## ભજન ૧૩મું

નિષ્કલંક નર જાગશે, સતનો પોરો સ્થાપશે,
સતિયાને વરદાન આપશે, કુડીઆ નરને કાપશે. ૧

આંબે અમૃતફળ લાગશે, થોરે ચંદન હોશે,
આવળે સોનું ઊતરશે, ખડકોએ અમી ઝરશે ૨
કડવા તે મીઠા થાશે, મેઘ મગતા વરસશે,
ધરતી નવી કળા ધરશે, સવરા મંડપ રચાશે. ૩
જયારે નિષ્કલંકી ઊતરશે, કુંવારી કન્યાને વરશે,
નિષ્કલંક નામ ભજાશે, સતવાત ગ્રહણ કરાશે. ૪
સ્વર્ગેથી આલમ રાજા ઊતરશે, જયજયકાર વરતાશે,
નિષ્કલંકી કલંક ઊતારશે, કાજીની બાંગ બંધ થાશે ૫.
બ્રાહ્મણના વેદ બંધ થશે, કૂરાનને કોઈ નહિ પઢશે,
અજંપા જપ જપાશે, સૂક્ષમ વાતો વંચાશે. ૬
ઉત્તમ વર એકાકાર કરશે, બધી છોછ ટાળશે,
સત્યને પ્રકાશ કરાશે, અંધારું સર્વ ટાળશે. ૭
હિંદુ ઉદ્ધાર પામશે, મુસલમાન નજાત પામશે,
નવો જુગ સ્થાપન થશે, જૂનો જતો રહેશે ૮.
નિષ્કલંકી આણ વરતાશે, છાના ચેલા છતા થશે,
રાજા પ્રજા આવી મળશે, વડી પ્રીતિ વિશ્વાસશે ૯.
સર્વ એકઠા આવી ભળશે, નરનારી સતમાં તરશે,
સતિયા નર ઓળખાશે, સતસંગી ટોળે મળશે ૧૦.
નિષ્કલંક ભ્રાંત ભાગશે, મંત્ર,માળા,તિલક,છાપ ટળશે,
પૂન્ય મળવાથી પાપ ટળશે, નરનારી એકમને સંભારશે૧૧.
મનમાંથી બધી બીક ટાળશે, સાહિર મીઠા થશે,
કાળા કલંક ઊતરશે, ને કાળિંગાને કહાડશે. ૧૨

સહિર - દરિયો, સાગર
પાલટશે - બદલી નાખશે.

જયારે નિષ્કલંકી આવશે, ઘોરે ઘોરે નરનારી જાગશે,
કુડિયાને બાવો બાળશે, ખડગ તીર કમાન લઈ ફરશે૧૩
મુવા પંડ ઉઠાડશે, વાણીથી જગ પલટાશે,
કુંવર અશ્વારી કરશે, ખડગ લઈ કાળને હણશે. ૧૪
પાપીઓને આગમાં બાળશે, સતિયાને સંભાળશે,
સવરા મંડપ રચાશે, કન્યાને વર પરણશે ૧૫.
ઉત્તર દિશાથી બાવો આવશે, ને પૂર્વમાં દેખાશે,
દક્ષિણ દિશાથી લોક આવશે, પશ્ચિમથી ટોળે મળશે ૧૬.
સર્વનાં લેખાં લેવાશે, તલ તલનાં તે માગશે,
સતિયાને બાવો રાખશે, કુડિયાને નરકમાં નાખશે. ૧૭

□

## ભજન ૧૪મું

જયારે આકાશેથી નકલંક ઊતરશે રે જી.
ત્યારે ઉત્તરખંડથી આરામ હોશે રે જી.
ધણી આપણો પાટ પધારશે રે જી.
પૃથ્વીના સંધા પાયા નમાવશે રે જી.
ધણી મંડળીને મિંઢળ બાંધશે રે જી.
પછી થશે સૂરજ અંધકાર હો રે જી.
બોલ્યા મેઘમુની ધણીને ધારો રે જી.
શૂરા પુરુષ પહોંચ્યા નિર્વાણ રે જી.

□

## (૨) ભજનોમાં ગવાતા રહસ્યની તારવણી

### (અ) અગમવાણીઓમાં નકલંકને સંબોધેલાં નામ, અને ઉપનામ :

| | | |
|---|---|---|
| ૧. અલખ | ૧૧. જગ જીત | ૨૦. પ્રભુજી |
| ૨. અલ્લા | અગ્ર જીત | ૨૧. પરમેશ્વર |
| ૩. અતીત | અન્નજીત | ૨૨. પૃથ્વીપતિ |
| અક્ષરા અતીત | કાળજીત | ૨૩. પાટવી કુંવર |
| અખંડા અતીત | પવનજીત | ૨૪. બાળ મુકુંદા |
| બાળ અતીત | ૧૨. જીવન | ૨૫. બાવો |
| ૪. અવિનાશી | ૧૩. જોગેશ્વર | ૨૬. રાજા |
| ૫. કાયમ રાજા | ૧૪. દેવ | આલમ રાજા |
| ૬. કુંવર | ઈષ્ટ દેવ | ૨૭. વર |
| વડો કુંવર | ૧૫. દેવનંદા | ઉત્તમ વર |
| ૭. ગુરુ | ૧૬. ધણી | ૨૮. સાહેબ - સાહેબો |
| ૮. ગોવાળ | ૧૭. નકલંક | અમર સાહેબો |
| ૯. છત્રપતિ | ૧૮. નિરંજન | સૂત સાહેબો |
| ૧૦. જગ જીવ મહારાજ | ૧૯. નિષ્કલંક | ૨૯. સ્વામી |
| | | ૩૦. શબ્દ |

□

**(બ) અગમવાણીઓમાં દર્શાવેલાં નકલંકના ભાવિ કામ :**

**૧. તેના આવવા વિષે.**

૧. તેની આગળ એક છડીદાર આવશે.

૨. તે દૂતોના સૈન્યસહિત આવશે.

૩. તેના આગમનનાં ઘેરેઘેર વધામણાં દેવાશે.

**૨. તે આવીને શું શું કરશે ?**

૧. દયા વર્તાવશે.

૨. કલંક ટાળશે, ને પાપનો અંત લાવશે.

**૩. તેના આવવાથી જે પરિણામ થશે તે :**

૧. અંધકાર લોપ થશે; સદાનો પ્રકાશ ઝળકશે.

૨. સતયુગની સ્થાપના થશે.

૩. સૃષ્ટિ પર નવો પલ્ટો થશે,

(અ) સઘળાં માનવજાત એકાકાર થશે.

(બ) પશુઓના સ્વભાવમાં પલ્ટો થશે.

૪. કુંવારી કન્યાને વરશે.

૫. એક મંડળ સ્થાપિત કરશે.

**૪. તે આવીને ન્યાયની ગાદી પર બિરાજશે.**

૧. સઘળાં મરેલાં સજીવન કરાશે.

૨. છેવટનો ઈન્સાફ કરશે.

(અ) સદધર્મની સ્થાપના થશે.

(બ) કાળિંગાનો નાશ કરશે.

(ક) પાપીઓનો સંહાર કરશે.

(ડ) શેતાનને સાંકળે બાંધી અઘોર અંધકારમાં નાખશે.

૩. ભકતો સનાતન શાંતિ પ્રાપ્ત કરશે.

ભજનોમાંથી તારવી કાઢેલાં નકલંકના નામ તથા ભાવિમાં તેનાં કરવા ધારેલાં કામ વિષે અત્યારે તો વાચકવર્ગને એટલું જ જણાવી શકું છું, કે જયાં સુધી એ દશમો કલ્કી અવતાર પ્રગટ થયો નથી ત્યાં સુધી તેને આપેલાં નામ કે તેનાં ભાવિ કામ સંબંધી આપણે છેવટનો કશો જ નિર્ણય કરી શકીએ નહી.

□

## ભાગ ૨ જો

### પ્રસ્તાવના

હિંદુ ધર્મની ખાસ માન્યતા પ્રમાણે વિષ્ણુનો દસમો અવતાર જેને કલ્કી કહે છે તે તો હજી આવનાર છે. તેને વિષે હિંદુ શાસ્ત્રમાં ટૂંકી નોંધ આ પ્રમાણે છે :-

૧. તે કલિયુગને અંતે દેખાશે.

૨. તે વખતે દુનિયા તદ્દન ભ્રષ્ટ બનેલી હશે.

૩. તે વખતે તે આકાશમાં પ્રગટ થશે.

૪. તે સફેદ ઘોડા પર હાથમાં ચળકતી પાણીદાર તલવાર સહિત આવશે.

૫. એ તલવાર તેણે દુષ્ટોનો છેવટનો નાશ કરવાને તાણેલી હશે.

૬. દેવોનો ઉદ્ધાર કરવા સારુ તે આવશે.

૭. આખી દુનિયાનો તે નાશ કરશે ને સતયુગની સ્થાપના કરશે.

૮. તે જ નિષ્કલંક અવતાર છે.

ચાલુ જમાનાના સંતસાધુઓએ, સદરહુ શબ્દો પર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને, દૂરંદેશી વિચારોની કલ્પનામાં અગમવાણીઓ ભાખેલી છે, તે શ્રોતાજનોને ચિત્તાકર્ષક થયેલી છે.

જયારથી અગમવાણીઓ અમારા સાંભળવામાં આવી ત્યારથી અમારા મન ઉપર તેની જુદી જ અસર થયેલી છે. ભાખેલી અગમવાણીઓમાં જે નિષ્કલંક અવતારનું જીવન તેઓએ આલેખ્યું છે, તે નિષ્કલંક અવતાર તો વિષ્ણુનો દસમો અવતાર જેને કલ્કી કહે છે તે નહિ જ હોય, કારણ કે તે, 'ઉત્તરથી ને પશ્ચિમથી આવશે' એ પ્રમાણે ગાવામાં આવે છે. તેથી એમ સમજાય છે કે, તે આપણા દેશની બહારથી આવશે.

વળી તેના આવવાને સમયે કલિયુગનું જે વર્ણન કરેલું છે, તેમાં એમ બતાવ્યું છે કે, તે સમયે વહુની ઉંમર છ વરસની અને વરની ઉંમર આઠ વરસની હશે. હાલમાં તો આપણા દેશમાં એ ઉંમર ઘટવાને બદલે વધતી જાય છે. (શારદા એકટ પ્રમાણે વરની ઉંમર ૧૮ અને વહુની ૧૪ આપી છે.

મહાભારતના વન પર્વમાં નકલંક અવતાર વિષે જે હકીકત આવે છે તે નીચે પ્રમાણે છે, "તે (આવીને) વિષ્ણુનો મહિમા પ્રગટ કરશે ચારે બાજુએ બ્રાહ્મણોથી વિંટળાયેલો હોઈને તે જયાં કંઈ શૂદ્ર પ્રાણી મ્લેચ્છોએ (પરદેશીઓએ) આશ્રય લીધો હશે ત્યાંથી તેઓનું નિકંદન કાઢી નાખશે, ત્યાર પછી કલ્કી અશ્વમેઘ કરશે, અને બ્રાહ્મણોને પૃથ્વી સોંપી દેશે.' એ પરથી તો એમ જ લાગે છે કે, એ આવનાર અવતાર પૂરેપૂરો નિષ્કલંક હોય જ નહિ.

ત્યારે અગમવાણીઓમાં જે નિષ્કંલક અવતાર વિષે મુકત કંઠે ગાવામાં આવે છે, તે કયો અવતાર હશે, એ એક ખરેખરો વિચારવા લાયક પ્રશ્ન છે.

ખ્રિસ્તીઓના પવિત્ર ધર્મશાસ્ત્રમાં આદિથી અંત સુધી જે નિષ્કલંક અવતારની હકીકત આવે છે, એ જ નિષ્કલંક અવતાર વિષે આ દેશની ગવાતી અગમવાણીઓમાં ઉલ્લેખ કરેલો ન હોય? તેથી આ સ્થળે અમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે એકલો નિષ્કલંક અવતાર છે, તેની ટૂંકી નોંધ આપીએ છીએ.

### (અ) નકલંક અવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને બાઈબલમાં આપેલાં નામોની થોડી યાદી

| | |
|---|---|
| ૧.અરુણોદય, લૂક ૧ : ૭૮ | ૧૭. પ્રભુ માત્થી ૨૨ : ૪૩. |
| ૨.ઈમાનુએલ, માત્થી ૧ : ૨૩ | ૧૮. પ્રભુ ઈસુ ખ્રિસ્ત થેસ્સા ૩:૬ |
| ૩.ઈસુ, માત્થી ૧ : ૨૧ | ૧૯. પ્રભુઓનો પ્રભુ,પ્રક૧૯:૧૬ |
| ૪.ઉત્તમ ઘેટાંપાળક, યો.૧૦:૧૧. | ૨૦. મસીહ, યોહા ૧૪ : ૬ |
| ૫.ખ્રિસ્ત, લૂક ૨૪ : ૨૬ | ૨૧. માર્ગ, યોહા. ૧૪ : ૬ |
| ૬.ગુરુ, માત્થી ૨૨ : ૧૦ | ૨૨. માણસનો દીકરો માર્ક૧૩:૨૬ |
| ૭.જગતનો પ્રકાશ, યોહા ૯ : ૫ | ૨૩. રાજા લૂક ૧૯ : ૩૮ |
| ૮.જીવન, યોહા. ૧૪ : ૬ | ૨૪. રાજાઓનો રાજા, ૧ તીમો. ૬ ; ૧૫ |
| ૯.તારનાર, લૂક ૨ : ૧૧ | ૨૫. વર, માત્થી ૨૫ : ૬ |
| ૧૦.દેવ, યોહા.૧ : ૧. | ૨૬. સર્વસમર્થ, પ્રક. ૧:૮ |
| ૧૧.દેવનો દીકરો.માત્થી ૨૭:૫૪ | ૨૭. સ્વામી, માર્ક ૧૧ : ૨૧ |
| ૧૨.ન્યાયાધીશ,પ્રે.કૃ.૧૦:૪૨,૨૧ | ૨૮. શબ્દ યોહા. ૧ : ૧ |
| ૧૩.પવિત્ર, માર્ક ૧ : ૨૪ | ૨૯. શાંતિનો સરદાર, યશા.૯:૬ |
| ૧૪.પવિત્ર દીકરો ઈસુ, પ્રે.કૃ. ૪:૩૦ | ૩૦. હલવાન, યોહા ૧:૨૯ |
| ૧૫.પુનરુત્થાન,યો.૧૧ : ૩૦ | ૩૧. જ્ઞાન, ૧ કોરીં ૧ : ૩૦ |
| ૧૬.પ્રકાશ, યશા.૬ : ૧ | |

નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્તે ''દેવમાણસ'' તરીકે સદરહુ નામોને પોતાનાં કરેલાં કામ વડે જગતભરમાં અમર અને પ્રકાશિત કર્યાં છે.

**(બ) નકલંક અવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં કામ વિષે ટૂંકી નોંધ**

**૧. તેનું આગમન :**

૧. તેની આગળ એક છડીદાર આવશે.

૨. તેના પ્રગટ થવાને સમયે દુતોની સેના પ્રગટ થશે.

૩. મોટા આનંદની સુવાર્તાનાં વધામણાં દેવાશે.

**૨. તે આવીને શું કરશે ?**

૧. સકળ જગત પર દયા વર્તાવશે.

૨. પાપી માણસનાં કલંક ટાળશે.

૩. પાપનો અંત લાવશે.

૪. પસ્તાવો, વિશ્વાસ તથા સંપૂર્ણ આધીનતાનો ઢંઢેરો પિટાશે.

**૩. તેના આવવાથી કેવું પરિણામ થશે ?**

૧. અંધકાર લોપ થશે ને સદાનો પ્રકાશ થશે.

૨. સતયુગ સ્થાપિત થશે.

૩. સૃષ્ટિમાં નવો પલ્ટો દેખાશે :

(અ) પૃથ્વીને એકાકાર કરશે.

(બ) પશુઓના સ્વભાવમાં પલ્ટો થશે.

૪. કુંવારી કન્યાને વરશે (એક મંડળી સ્થાપિત કરશે)

**૪. નકલંકનું બીજી વાર પ્રગટ થવું :**

૧. તે દૂતો સહિત આકાશથી ઊતરી આવશે.

૨. સઘળાં મરેલાં સજીવન કરાશે.

૩. છેવટનો ઈન્સાફ થશે.

૫. સનાતન શાંતિ સ્થાપશે.

□

## (ક) નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્ત સંબંધી ભાખેલાં આગમ

**૧. તે પરાત્પર દેવનો દીકરો કહેવાશે.**

"ગ્રાબીએલ દૂતે તેને કહ્યું, કે હે મરિયમ, બી મા, કેમ કે તું દેવથી કૃપા પામી છે. જો તને ગર્ભ રહેશે, ને દીકરો થશે ને તું તેનું નામ ઈસુ પાડશે. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે, અને દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજયાસન આપશે. તે યાકૂબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેના રાજયનો અંત આવશે નહિ." (લૂક ૧ : ૩૦-૩૩)

"યહોવાહે મને કહ્યું, કે તું મારો પુત્ર છે. આજ મેં તને જન્મ આપ્યો છે."

**૨. તેના અગ્રગામીના આવવા વિષે.**

"જુઓ હું મારા દૂતને મોકલું છું, ને તે મારી આગળ માર્ગ તૈયાર કરશે." (માલાખી ૩ : ૧)

**૩. કુંવારીથી જન્મ લેવા વિષે**

"જુઓ, કુંવારી ગર્ભવતી થઈને પુત્ર જણશે, અને તેનું નામ તે ઈમાનુએલ પાડશે." (યશા. ૭ : ૧૪. માથ્થી ૧ : ૨૨, ૨૩).

**૪. તેનો જન્મ બેથલેહેમ ગામમાં થશે.**

''હે બેથલેહેમ એફ્રાથાહ, જો કે તું એટલું નાનું છે કે, યહુદાહનાં ગામોમાં તારી કંઈ ગણતરી નથી, તોપણ તારામાંથી મારે માટે એક એવો પુરુષ ઉત્પન્ન થશે કે જે ઈસ્ત્રાએલમાં અધિકારી થવાનો છે, જેનો પ્રારંભ પુરાતન કાળથી, હા અનાદિકાળથી છે.' (મીખા. ૫ : ૨).

**૫. તેના આવવાનો સમય બતાવ્યો છે, તેમ જ તે આવીને જે મહાન કાર્ય કરશે તે.**

''અપરાધ બંધ પાડવાને, પાપનો અંત આણવાને ને દુરાચારનું પ્રાયશ્ચિત્ત કરવાને, ને સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવાને, ને સંદર્શન તથા ભવિષ્યવાદ (અગમવાણી) પર સિકકો મારીને નકકી કરવાને, ને પરમપવિત્રને અભિષેક કરવાને, તારા લોકને શિર તથા તારા પવિત્ર નગરને શિર સિત્તેર અઠવાડીયાં નિર્માણ કરેલાં છે.'' (દાની. ૯ : ૨૪,૨૫).

**૬. વધામણાં દેવાશે.**

''પ્રભુ યહોવાહનો આત્મા મારા પર છે, કારણ કે દીનોને વધામણી કહેવા સારુ યહોવાહે મને અભિષિકત કર્યો છે. ભગ્ન હૃદયવાળાને સાજા કરવા સારું, બંદીવાનોને છુટકારાની તથા કેદીઓને કેદખાનું ઉઘડવાની ખબર પ્રસિદ્ધ કરવા સારુ, યહોવાહે માન્ય કરેલું વર્ષ, આપણા દેવના પ્રતિકારનો દિવસ પ્રસિદ્ધ કરવા સારુ, સર્વ શોક કરનારાઓને દિલાસો આપવા સારુ, સિયોનમાંના શોક કરનારાઓને રાખને બદલે મુગટ, શોકને બદલે હર્ષનું તેલ, ખિન્ન આત્માને બદલે સ્તુતિરૂપ વસ્ત્ર આપવા સારુ તેણે મને મોકલ્યો છે. જેથી તેઓ તેના મહિમાને અર્થે ધાર્મિકતાનાં વસ્ત્ર, યહોવાહની રોપણી કહેવાય" (યશા. ૬૧ : ૧-૩).

## ૭. તેનાં કામ તથા ધર્મસેવા વિષે

"તે પોતે આવીને તમને તારશે, ત્યારે આંધળાઓની આંખો ઉઘાડવામાં આવશે, ને બહેરાઓના કાન પણ ઉઘાડવામાં આવશે, લંગડો હરણની પેઠે કૂદશે, ને મૂંગાની જીભ ગાયન કરશે, કારણ કે અરણ્યમાં પાણી અને વનમાં નાળાં ફૂટી નીકળશે. મૃગજળ તે તલાવડી, ને તરસી ભૂમિ તે પાણીના ઝરા થઈ જશે." (યશા. ૩૫ : ૪-૭)

## ૮. તે આવશે ત્યારે અંધકાર લોપ થશે, ને અજવાળું પ્રગટાશે.

"જે ભૂમિ પર સંકટ પડયું હતું, તેમાં અંધારું નહિ રહેશે... ...... અંધકારમાં ચાલનારા લોકે મહાન પ્રકાશ જોયો છે; મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું" (યશા. ૯ : ૧, ૨)

## ૯. તેના બલિદાન વિષે

"ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે. ને આપણાં દુઃખ વેઠયાં છે; આપણા અપરાધોને લીધે તે વિંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે ...... ....યહોવાહે તેના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂકયો છે. "મારા લોકના અપરાધોને લીધે તેના પર માર પડયો, ને તેને જીવતાઓની ભૂમિ પરથી મારી નાખવામાં આવ્યો. તેની કબર દુષ્ટોની ભેગી ઠરાવેલી હતી. અને તેની મરણાવસ્થામાં તે દ્રવ્યવાનની સંઘાતે હતો, કેમ કે તેણે અપકાર કર્યો નહોતો, ને તેના મુખમાં કપટ નહોતું." (યશા. ૫૩ : ૪-૯).

**૧૦. વધસ્તંભ પર જડાવા વિષે**

"તેઓએ મારા હાથ તથા મારા પગ વીંધી નાખ્યા." ગીત. ૨૨ : ૧૬

**૧૧. પોતાનો પ્રાણ આપી દેશે**

"તેણે પોતાનો આત્મા મરણ પામતાં સુધી રેડી દીધો." યશા. ૫૩ : ૧૨

**૧૨. કબરમાંથી પાછા ઊઠવા વિષે**

"તું મારા આત્માને શેઓલને સોંપશે નહિ. ને તારા ભકતને કબરમાં જવા દેશે નહિ." ગીત. ૧૬ : ૧૦.

"ત્રીજે દિવસે તે આપણને ઉઠાડશે, ને આપણે તેની આગળ જીવીશું," હોશિ. ૬ : ૨

"તું મારા આત્માને હાડેસમાં રહેવા દઈશ નહિ. વળી તું તારા પવિત્રને કોહવાણ પણ જોવા દઈશ નહિ." (પ્રે.કૃ. ૨ : ૨૭)

**૧૩. તેના સ્વર્ગારોહણ વિષે**

"યહોવાહે મારા પ્રભુને કહ્યું કે, હું તારા શત્રુઓને તારું પાયાસન કરું, ત્યાંસુધી તું મારે જમણે હાથે બેસ." ગીત. ૧૧૦:૧. "તું ઉચ્ચસ્થાનમા ગયો છે." ગીત. ૬૮ : ૧૮

**૧૪. આ દુનિયા પર તેના બીજી વાર આવવા વિષે**

"રાતનાં સંદર્શનોમાં હું જોતો હતો, તો જુઓ, આકાશના મેઘો સાથે મનુષ્યપુત્રના જેવો એક પુરુષ પેલા વયોવૃદ્ધ પુરુષની પાસે આવ્યો, ને તેઓ તેને તેની નજીક લાવ્યા, તેને સત્તા, મહિમા તથા રાજય આપવામાં આવ્યાં, કે જેથી બધા લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ બોલનાર માણસો તેનાં તાબેદાર થાય." દાની. ૭ : ૧૩,૧૪.

## ૧૫. છેવટનો ન્યાયચુકાદો તે કરશે

"આદમથી સાતમા પુરુષ હનોખે ભવિષ્યવચન કહ્યું છે, કે જુઓ, સઘળાંનો ન્યાય કરવાને, સર્વ અધર્મીઓએ જે સર્વ અધર્મી કામો અધર્મીપણામાં કર્યાં. અને અધર્મી પાપીઓએ તેની વિરુદ્ધ જે સર્વ કઠણ વચનો કહ્યાં, તે વિષે પણ તેઓ સઘળાંને અપરાધી ઠરાવવાને પ્રભુ પોતાના હજારોહજાર સંતો સહિત આવ્યો." યહુદા ૧ : ૧૪, ૧૫.

# ૨. નકલંક અવતાર પ્રભુ ઈસુ વિષે ખાસ જાણવા લાયક બીનાઓ

## (૧) નકલંક અવતારનું આવવું

આજથી સુમારે બે હજાર વર્ષ પર, યહૂદી લોકો એક નકલંક અવતારની રાહ જોઈ રહ્યા હતા. એ વિષે તેમને અગાઉથી ચોકકસ અગમવાણીઓ કહેવામાં આવી હતી. વળી એ અગમવાણીઓને આધારે, એ નકલંકના આવવાનો સમય આવી પહોંચ્યો છે, એવી તેમને ખાતરી થઈ હતી. અમે ઉપર જે નકલંકને લગતી અગમવાણીઓ આપી ગયા છીએ, તેમાં તેના આવવાનો સમય એ "કલિયુગ"નો અંત દર્શાવ્યો છે. બાઈબલમાં કહેલા નકલંક અવતારના જન્મ સમયનું વર્ણન કરતાં "સમયની સંપૂર્ણતા" એ શબ્દ વાપરવામાં આવ્યો છે, તે ખરેખર કલિયુગનો અંત સૂચવે છે. એ સમયે સકળ સૃષ્ટિ ભ્રષ્ટ થઈ ગયેલી હતી. મહાન રોમન સામ્રાજય સાવ બગડી ગયેલું હતું. એ અરસામાં ગ્રીસનો સુધારો ચાલુ અને વખાણપાત્ર હતો ખરો, તથાપિ એ દેશમાં પણ આંતરિક સડો દાખલ થઈ ચૂકયો હતો. એ અરસામાં મહાન ઈરાન અને આશિયામાઈનરની પ્રજાઓ ધાર્મિક અધોગતિમાં આવી પડેલી

હતી. વળી તે સમયે ધર્મનું રૂપ કેવળ લાંચરૂશવત, કાવાદાવા, હડહડતી અનીતિ અને ભયંકર ધર્મઢોંગ સિવાય બીજું કંઈ જ ન હતું.

બીજી રીતે કહીએ તો એ સમયમાં દુનિયા પર ત્રણ ભાગમાં જૂઠાણું અને એક ભાગનું સત્ય હતું. જાણે ધર્મ અને નીતિનો આખલો કેવળ એક પગે ઊભો રહેલો ન હોય ! ખરેખર, આ તો કલિયુગનો અંત જ કહેવાય, એ સમયે નકલંક અવતાર ઈસુ પ્રગટ થયા.

એ નકલંક અવતાર ઈસુની આગમચ, "રાજાનું આવવું પાસે છે, રાજાનું આવવું પાસે છે, તેનો સત્કાર કરવા તૈયાર થાઓ.' એવી નેકી પોકારતો એક છડીદાર પ્રગટ થયો. તે સાધુ પુરુષ હતો. તેનું નામ યોહાન બાપ્તિસ્મા કરનાર હતું. તેના આવવાનો હેતુ, નકલંક અવતારને મળવા સારુ લોકને તૈયાર કરવાનો હતો. તેનો સંદેશો એ હતો કે "પાપનો પસ્તાવો કરો," કારણ કે નકલંક અવતારનું આવવું છેક જ નજીક છે. જે સામાન્ય જનસમૂહ આતુરતાથી નકલંકના આવવાની રાહ જોઈ રહ્યો હતો, તે આ છડીદારને જોઈને તથા તેનો સંદેશો સાંભળીને મોટા આવેશમાં આવી ગયો.

એ સમયે નકલંકના દેહધારી થવાની ચાલી રહેલી વાતોથી લોકોનાં મન તળેઉપર થઈ રહ્યાં હતાં, એટલામાં જ આપણા એશિયા ખંડના તુર્કસ્તાન દેશના પાલેસ્ટાઈન નામના ભાગમાં આવેલા યહુદા નામે દેશના બેથલેહેમ નામે ગામમાં પ્રભુ ઈસુ શુમારે ૧૯૯૬ વર્ષ ઉપર દેહધારી થયા. તેમના જન્મનો પ્રસંગ અસાધારણ હતો. આકાશથી એક દૂતે શિયાળાની એક ઠંડી રાતે ઊતરી આવીને, એ ગામની સીમના નેસડામાં પોતાનાં ટોળાને સાચવતા ભરવાડોને વધામણાં દેતાં કહ્યું કે, "આજ દાઉદના શહેર

બેથલેહેમમાં તમારે સારુ એક નકલંક તારનાર જન્મ્યો છે. તેનું નામ ઈસુ ખ્રિસ્ત છે." ભરવાડો તો આ વધામણી સાંભળીને હર્ષઘેલા બન્યા ; અને એકબીજાને કહેવા લાગ્યા કે, "ચાલો, આપણે ગામમાં જઈએ, અને જે વાતની ખબર પ્રભુએ આપણને આપી છે તે જોઈએ." તેઓએ તરત જ દોડી જઈને તે નકલંકના દર્શન કર્યાં, તેની આરાધના કરી, નકલંક અવતારનો સૌથી પહેલો આ એક નાનોસરખો મેળો હતો, ખરેખર, તેઓ તો હાલમાં નકલંકના મેળામાં ભાગ લેનાર સામાન્ય જનસમૂહના પ્રતિનિધિઓ જેવા હતા.

જયારે આપણે ઈશ્વરના અવતારો વિષે વિચાર કરીએ છીએ, અને તેમનાં જીવન તથા તેમની માનવજાત પર થતી અસર વિષે તપાસ કરીએ છીએ, તેમ જ નિખાલસ દિલથી તેમની તુલના કરીએ છીએ, ત્યારે હરકોઈ માણસને સાફસાફ માલૂમ પડયા વિના રહેતું નથી કે, ઈસુ ખ્રિસ્ત એકલો જ પૂરેપૂરો નકલંક અવતાર છે. તે ઈશ્વરી અદ્‌ભુત પરાક્રમથી પવિત્ર કુંવારીને પેટે દેહધારી થયો. તેના વિચાર, વાણી, વર્તન, ભાવનાઓ, લાગણીઓ અને વૃત્તિઓમાં તે એટલો બધો પવિત્ર અને નિષ્કલંક હતો કે, આ દુનિયા પરનું કોઈ પણ માણસ હજી સુધી તેના પર એકે પાપ સાબિત કરી શકયું જ નથી.

આમ દુનિયામાં ગણાતા દેવોના અવતારોમાં એકલો ઈસુ ખ્રિસ્ત જ નકલંક, અજોડ અને ઑર અવતાર છે, તેથી જ તેને "જગતનો પ્રકાશ" એવું નામ આપવામાં આવે છે. અજવાળામાં લેશમાત્ર અંધકાર હોય જ નહિ, છે જ નહિ. શું એવો નકલંક અવતાર તમે બીજો કોઈ બતાવી શકશો ?

## (૨) નકલંક અવતારે પ્રગટ થઈને કરેલાં કામ.

નકલંક, પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવન લોભ અને લાલચથી પર હતું. તેનામાં સ્વાર્થનો અંશમાત્ર નહોતો. તેના આવવાનો હેતુ બીજા કોઈ પણ અવતાર કરતાં તદન જુદો હતો. તેણે પોતે જ કહ્યું કે, "માણસનો દીકરો એટલે હું. બીજા લોકો પાસે સેવા કરાવવા નથી આવ્યો પણ તેમની સેવા કરવાને આવ્યો છું." બધી દુનિયામાં બીજા માણસો પાસે સેવા કરાવવામાં કલંકનો કાંઈ પાર રહેતો જ નથી. પ્રભુ ઈસુ એક ખરા માનવસેવક તરીકે નકલંક હતા. એના જેવા સેવકનો જોટો દુનિયાભરમાં કયાંયે મળે એમ છે જ નહિ. જેવું તેનું જીવન નકલંક હતું, તેવાં જ તેનાં કામ પણ નકલંક હતાં, અને દુનિયા પર તેની કાંઈ જેવી તેવી અસર થઈ નથી ! એની સામે આંગળી ચિંધવા કોણ શકિતમાન છે ? એની જોડમાં ઊભા રહેવાને કોણ લાયક છે ?

નકલંક પ્રભુ ઈસુ પ્રેમ અને દયાનો ખરો ઝરો હતો, તેથી તેણે ત્રણ વર્ષ જેટલી ટૂંક મુદતમાં જગતની જે અદ્દ્ભુત સેવા કરી, તે તો માનવજાતને છક કરી નાખે એવી સેવા છે. તે જયાં કહીં જતો ત્યાં તેની આજુબાજુ સાચા નકલંકનો ખરેખરો જોવા લાયક મેળો જામતો હતો. એ મેળામાં ભાગ લેવા આવનાર અનેક માંદા માણસોને તે સાજા કરતો. તેમના પાપનાં કલંક ટાળતો, અનેક પ્રકારના અપંગોને સમાં કરતો તથા તેમની ખોડખાંપણ ટાળીને તેમને ખરેખરાં પગભર અને સ્વતંત્ર બનાવતો હતો. વળી તેણે કેટલાંક મૂએલાં માણસોને સજીવન કર્યાં, કારણ કે ખરો નકલંક તે એકલો જ માણસના જીવનનો અધિકારી છે. એ નકલંક પ્રભુ ઈસુએ ભયંકર કાળાં કલંકમાં ગરક થઈ ગયેલાં, હા જાણે કે મરી ગયેલાં માણસોને તેમના કલંક ટાળીને સજીવન કર્યાં છે - નવાં કરી નાખ્યાં છે.

આ દુનિયામાં તમામ રોગ, દુઃખ ને મરણ એ તો માનવજાતનાં પાપનું પરિણામ છે; એ કલંકનું નિવારણ કરવા નકલંક અવતાર ઈસુ દેહધારી થયો. તે રોગીને કહેતો કે, "તારાં પાપ માફ થયાં છે, શાંતિએ જા." જો તે ખરેખરો નકલંક ન હોત, તો આ રીતે પાપ અને રોગનું નિવારણ કરી શકત જ નહિ.

લોકો પોતાનાં પાપનું કલંક ટાળવા યજ્ઞયાગ કરે છે. વૈદિક જમાનામાં એને માટે નરમેધ કરવામાં આવતો. એ સત્ય છે કે માનવજાતનું કલંક ટાળવા એક ખરેખરો માનવ જોઈએ, પણ તે તો નકલંક માનવ જોઈએ. આ ભાવના ધ્યાનમાં રાખીને આપણા દેશના લોકો કહે છે કે, "એક બત્રીસલક્ષણો પુરુષ હોમાવો જોઈએ." તેની મતલબ એ છે કે પાપનું કલંક ટાળવા માટે જે બલિ જોઈએ તે તો પૂરેપૂરો પવિત્ર હોવો જોઈએ. હવે માણસજાતમાં તો કોઈપણ માણસ પવિત્ર નથી. બાઈબલમાં સ્પષ્ટ કહ્યું છે કે, "ના, એક પણ નથી." આ કારણથી ઈશ્વરે પોતે જ પવિત્ર માનવદેહ ધારણ કર્યો. આમ નકલંક પ્રભુ ઈસુને એક તરફ દેવ સાથે સંબંધ છે, તેથી તેને 'દેવનો દીકરો' એવું નામ આપવામાં આવ્યું છે ; બીજી તરફ તેને માનવજાત સાથે સંબંધ છે કારણ કે માણસજાતનાં કલંક તેને ટાળવાનાં છે. તેથી એને "માણસનો દીકરો" એવું નામ પણ આપવામાં આવ્યું છે.

### (૩) નકલંક અવતાર (પ્રભુ ઈસુ ખ્રિસ્ત) માનવજાતનાં કલંક ટાળે છે.

પ્રાચીન આર્ય લોકોની ધર્મક્રિયામાં સૌથી મોટી ને પ્રથમ ક્રિયા તે તો યજ્ઞક્રિયા હતી. યજ્ઞ કરવાથી સંસારનાં તમામ દુઃખો દૂર થશે પાપનું કલંક ટળશે અને જશ મળશે, એવું તેઓ માનતા હતા. વેદમાં યજ્ઞયાગને પાપના કલંકથી ઉગારનાર વહાણની ઉપમા આપેલી છે, પાપનાં કલંકને ધોવા, અને તમામ ભૂંડું અને

કૂડું સર્વ પલટી નાખવાના સાધન તરીકે તેઓ યજ્ઞયાગ કરતા. યજ્ઞયાગને જ પાપના કાળા કલંકથી બચવાને ખરો ઉપાય માનેલો છે. વળી યજ્ઞયાગને મરણનો નાશ કરનાર પણ કહેવામાં આવે છે. તે તો સ્વર્ગનું બારણું ઉઘાડે છે.

વેદમાં પ્રજાપતિના બલિદાનની વાત આવે છે.પ્રજાપતિ એટલે બ્રહ્મા પોતે. તેના વિષે વેદમાં કહેવામાં આવ્યું છે કે, તે અડધો માણસ અને અડધો દેવ હતો. મતલબ કે તે દેવમાણસ હતો. ખરેખર ! માણસજાતનાં કાળા કલંક નિવારવા જે નકલંક અવતાર જોઈએ તે તો દેવમાણસ જ હોવો જોઈએ. શતપથ-બ્રાહ્મણમાં કહેલું છે કે, "બધી પ્રજાના પતિએ પોતાને, દેવોને કાજે આપી દીધો, કેમ કે તે પોતે યાજક હોઈને તેઓની વતી બલિ થયો." વળી એમ પણ લખેલું છે કે, प्रजापति वैं एज्ञौ यज्ञो એટલે પ્રજાપતિ એજ યજ્ઞ છે. તેમ જ ઋગવેદમાં લખેલું છે કે

तं यज्ञं बहिरपि प्राक्ष्यन् पुरूषं जातमग्रत : એટલે "તે યજ્ઞને એટલે પ્રથમથી જન્મેલા પુરુષને,-તેઓએ દૂર્વા પર હોમ્યો. વેદોમાં પુરુષમેધ તેમ જ બીજા અનેક પ્રકારના યજ્ઞયાગની વાત મળે છે. બ્રાહ્મણ ધર્મના જમાનામાં ધર્મક્રિયાનો મોટામાં મોટો ભાગ પશુયજ્ઞનો હોઈને પુષ્કળ લોહી વહેવડાવવામાં આવતું હતું. આ તમામ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે, પાપનું કલંક ટાળવા માટે લોહીની અનિવાર્ય અગત્ય છે.

આ વૈદિક યજ્ઞો પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે એકનું કલંક ટાળવા બીજાને ભોગવવું પડયું. અમુક માણસોનું કલંક ટાળવા અમુક પશુઓને અને અમુક પુરુષને તેમ જ જગતનું કલંક ટાળવા સારુ ખુદ દેવમાણસ - પ્રજાપતિને ભોગવવું પડયું.

એકાદ બાપની ભૂલને લીધે તેનાં સ્ત્રીછોકરાંને ભોગવવું પડે છે. યુદ્ધિષ્ઠિરના જૂગટું રમવાનાં કલંકને લીધે તેના આખા કુટુંબને તેર વર્ષનો વનવાસ ભોગવવો પડયો, અમુક રાજાની ભૂલને કારણે તેની સમસ્ત પ્રજાને ભોગવવું પડે છે. આ ચાલુ જમાનામાં અમુક આગેવાનોની ભૂલને લીધે સમસ્ત જગતને ભારે દુઃખ ભોગવવું પડે છે. એથી ઉલટું એક માણસના આત્મભોગથી ઘણાં માણસ બચી જાય છે. બાપના ભોગથી કુટુંબ, દીકરાના ભોગથી બાપ, અને અમુક આગેવાનના ભોગથી આખી પ્રજા બચી ગયાના ઘણા દાખલા જગતમાં વારંવાર બન્યા કરે છે.

નકલંક અવતાર પ્રભુ ઈસુએ સમસ્ત માનવજાતની વતી ભોગવ્યું. અમુક ઘેટાંબકરાંનું લોહી સમસ્ત માનવજાતનું કલંક ટાળવા શકિતમાન નથી. તેથી ઈશ્વરની અનાદિ યોજના પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત દેહધારી થયા; એટલે તે દેવમાણસ બન્યા. કારણ કે સમસ્ત જગતનું કાળું કલંક ટાળવા માટે દેવમાણસનું બલિદાન જ બંધબેસતું અને આવશ્યક છે. તાંડય બ્રાહ્મણમાં લખેલું છે કે :-

प्रजापति र्दैवेम्य आत्मानं यज्ञं कृत्वाप्रायज त ।

એટલે, પ્રજાપતિએ દેવોના લાભમાં આત્મસમર્પણ કર્યું.

હવે જેમ પ્રજાપતિ પોતે યાજક અને બલિ હતો, તેમ દેવમાણસ તરીકે પ્રભુ ઈસુ પણ જાતે જ યાજક અને બલિ હતો. ઈશ્વરી ન્યાય જાળવવા ખાતર અને જગત પર ઈશ્વરનો પ્રેમ દર્શાવવા ખાતર દેવમાણસ નકલંક પ્રભુ ઈસુ રાજીખુશીથી, દુનિયાનું કાળું કલંક ટાળવાને એક અજોડ બલિ તરીકે પોતાનો ભોગ આપવા તૈયાર થયા.

તે આ દુનિયા પર હતા ત્યારે, અમે ઉપર કહી ગયા છીએ તેમ, તેમણે માનવજાતને પોતાનું શરણ લેવા સારુ અનેક પ્રકારે

શિક્ષણ આપ્યું. તેમણે માનવજાતને પાપરૂપી કલંકનું જે નવું જ્ઞાન આપ્યું અને તેનું ભાન કરાવ્યું, એવું કાર્ય બીજા કોઈ પણ ઈશ્વરી અવતારે કર્યું જ નથી. પોતે નકલંક હોવાથી તેમણે હિમ્મતપૂર્વક લોકોને તેઓનાં કાળાં કલંક વિષે ચેતવણી આપી, કહેવાતા ભકતોનાં કલંક ઉઘાડાં પાડયાં, અને તેમાંથી મુકત થવાનો ઉપાય બતાવ્યો. કહેવત છે કે, "સાચું બોલ્યો સગી માએ માર્યો." એ મુજબ અસત્યરૂપી કલંકમાં જીવનારા, ઘણા માણસો તેમના વિરોધી બન્યા, અને તેમની ધરપકડ કરીને તેમને રોમન સરકારના હાથમાં સોંપી દીધા : તેમણે તેમના પર રાજદ્રોહનું ભારે તહોમત મૂકયું. કલંકિત માણસોએ કલંકિત ન્યાયાધીશ આગળ નકંલક પ્રભુ ઈસુનો મુકદ્દમો ચલાવ્યો, તેમાં ન્યાય ડૂબી ગયો, અને તેમને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી.

તેમને વધસ્તંભે એટલે એક આડાચોડા લાકડા પર જડવામાં આવ્યા, અને તેમના હાથપગમાં ખીલા ઠોકવામાં આવ્યા, તથા તેમને માથે કાંટાનો મુગટ મૂકવામાં આવ્યો. તેમના કપાળમાંથી તેમ જ હાથપગના વહેમાંથી લોહી વહ્યું, અને છેવટે તે મરણ પામ્યા.

નકલંક પ્રભુ ઈસુએ અગાઉથી જાહેર કર્યા મુજબ પાપનું કલંક ટાળવાને પોતાનું બલિદાન આપ્યું. તેમના મૃતદેહને કબરમાં મૂકવામાં આવ્યો. પરંતુ પોતે નિષ્કલંક હોવાથી તેમનો દેહ કહોવાણ પામે એમ હતું જ નહિ. તેમના કહેવા પ્રમાણે તે પોતે કબર અને મૃત્યુ પર જય પામીને ત્રીજે દિવસે સજીવન થયા. તેમના વિરોધીઓની માન્યતા એવી હતી કે, અમે તેનો અંત આણ્યો છે. પરંતુ તેમણે તો સજીવ થઈને મરણનો અંત આણ્યો. એવી રીતે ગુલામી જે સહુથી મહાન કલંક ગણાય છે તેના ઉપર તેમણે જીત મેળવીને મુકિત સાધી ; હા, જેઓ હજુ પાપની ગુલામીમાં સબડે

છે તે તમામને માટે તેમણે એ કાળું કલંક ટાળીને મુકિત સાધી છે.

**(૪) એ મુકિતનો લાભ કેવી રીતે મળે ? તે તેમણે બતાવ્યું છે.**

હાલમાં લોકો કહે છે કે ગુલામી એ મહાન કલંક છે. ગુલામી તો અનેક પ્રકારની છે, તેથી માણસના જીવનમાં કલંકનો કંઈ પાર હોતો નથી. એ તમામ કલંકમાં પાપના કલંકને કાળું કલંક કહ્યું છે. એ કાળું કલંક માનવજાત પોતે કોઈ પણ રીતે ધોઈ શકે એમ નથી. કાળો કોલસો સવા મણ દૂધે ધોઈએ, તોપણ તે જેવો ને તેવો જ રહે છે, તેમ માનવીના તમામ ઉપાયો વડે કાળું કલંક ધોવાતું જ નથી.

**(અ) પસ્તાવાનો અગ્નિ પ્રગટાવા દો**

આપણે કોલસામાં અગ્નિ મૂકીએ છીએ ત્યારે તે સળગે છે, તેનો રંગ બદલાઈ જાય છે. તેના ધગધગતા અંગારા લાલચોળ બને છે, અને છેવટે તેની રાખ ધોળો રંગ ધારણ કરે છે. પાપનું કાળું કલંક પણ એ જ રીતે ટળી જાય છે. જયારે કલંકિત માણસો ઈશ્વર આગળ લાચાર અને નિરુપાય બનીને આવે છે, અને તેને કાલાવાલા કરતાં કહે છે કે, "હે પ્રભુ, મુજ પાપી પર દયા કર." ત્યારે ઈશ્વર કૃપા કરીને તેના અંતઃકરણમાં પસ્તાવારૂપી અગ્નિ મૂકે છે, તેથી તે માણસને તેનાં કાળા કલંકોનું ખરેખરું ભાન થાય છે, તેમને લીધે તે દિલગીર ને દુઃખિત થાય છે, શોક કરે છે ને રડે છે, તથા તે પર પૂરેપૂરો કંટાળો લાવીને તેને તજી દેવાનો નિશ્ચય કરે છે, તેમ જ કાળાં કલંકના તમામ માર્ગો તજી દઈને તે ઈશ્વર તરફ પાછો ફરે છે. ને પોતાનાં કલંકની માફી માગે છે, અને ઈશ્વરને પોકારી ઊઠે છે કે હે પ્રકાશિત પ્રભુ, અમારા કાળાં કલંકો બાળીને ભસ્મ કરી દે. ત્યારે પ્રભુ ઈસુ પોતાની નરી કૃપાને લીધે તેના પર દયા દર્શાવે છે, ને તેનાં કાળાં કલંક દૂર કરે છે. તેના

તમામ પાપ માફ કરે છે, અને ફરી કદી તે તેને સંભારતો નથી. કાળાં કલંકથી મુકત થવાનું આ પ્રથમ અને આવશ્યક પગથિયું છે.

**(બ) વિશ્વાસનો આશ્રય લો.**

કલંકિત માણસ પોતે પોતાનાં પાપનો ખરો પસ્તાવો કરે છે, ત્યારે તેને પોતાની નિરાધાર સ્થિતિનું ખરું ભાન થયા વગર રહેતું જ નથી. હવે તે પોતાનો તમામ આધાર ઈશ્વર પર રાખવા ચાહે છે. માણસે પોતાના જીવનનો સંપૂર્ણ આધાર નકલંક પ્રભુ ઈસુ પર રાખીને પોતાનું જીવન ગાળવું શરુ કરવું જોઈએ. વિશ્વાસ રાખવો એટલે નકલંક પ્રભુ ઈસુનું શરણ સ્વીકારવું અને બીજી તમામ આળપંપાળ તજી દઈને તે એકલાની સાથે પૂરેપૂરો સંબંધ જોડવો. જે કોઈ એ પ્રમાણે કરવાને તૈયાર થાય છે તેને, તેના કલંકમાંથી ઉગારી લેવા તે પૂરેપૂરા શકિતમાન છે. તેમના પર આધાર રાખનારને આ લોક કે પરલોકમાં કોઈપણ કલંકને અંગે શરમાવું પડશે જ નહિ.

હાલમાં તો આપણે કલંકની કાળી કોટડીમાં રહીએ છીએ, તેથી એકલા નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જ આશ્રય વિશ્વાસદ્વારે લેવાની અનિવાર્ય અગત્ય છે. એમ કરનાર કલંકરહિતનું જીવન જીવી શકે છે, બીજી કોઈ પણ રીતે નહિ. કાળા કલંકથી મુકત થવાનું આ બીજું મહાન પગથિયું છે.

**(ક) નકલંક પ્રભુ ઈસુને સંપૂર્ણ આધીન થઈ જાઓ.**

કોઈ માણસ નિરાધાર બને છે ત્યારે તે બીજાનો આશ્રય શોધે છે, અને તેની ઈચ્છાને આધીન થઈને તે પોતાનું જીવન વ્યતીત કરે છે . એ જ ધોરણે આપણે પોતાની ઈચ્છા તજી દઈને પ્રભુ ઈસુની ઈચ્છાનો સ્વીકાર કરીએ, એ એક અગત્યની બાબત છે. જેમ જેમ આપણે તેની ઈચ્છાને વધારે ને વધારે આધીન થતાં

જઈશું, તેમ તેમ તે આપણને વધારે ને વધારે બળવાન કરશે, અને આ જગતમાં તમામ કલંકથી આપણો બચાવ થાય એવી મદદ તે આપણને નિરંતર આપ્યાં જશે. તેથી આપણું અંતઃકરણ જે કલંકની એક કાળી કોટડી સમાન છે તેમાંનો કોઈપણ ભાગ પાછો રાખ્યા સિવાય પ્રભુ ઈસુને પૂરેપૂરું સોંપી દેવાની અનિવાર્ય અગત્ય છે.

હાલ આપણું અંતઃકરણ ગમે તેવું કાળું હોવા છતાં પ્રભુ ઈસુ તેનો કબજો લેવા ચાહે છે. માણસ પ્રભુ ઈસુના હાથમાં તે સોંપી દે છે ત્યારે તે જગતના અજવાળા તરીકે તેમાં પ્રવેશ કરે છે. જેવા તે માંહે પ્રવેશ કરે છે તેવો જ કાળાં કલંકનો અઘોર અંધકાર એકાએક અલોપ થઈ જાય છે. જેમ સૂર્યના ઉગવાથી અંધકાર અલોપ થાય છે તેમ. ઘરમાં દીવો લાવ્યા સિવાય અંધકાર કેમ કરીને દૂર થાય ? ઘણાં માણસોએ જાતજાતના દીવા જોયા છે, તેમ જાતજાતનો પ્રકાશ પણ જોયો છે. જેવો દીવો તેવું તેનું અજવાળું. પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે, "હું જગતનો પ્રકાશ છું." તેમનામાં લેશમાત્ર અંધકાર નહોતો. નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્ત સિવાય બીજા કોઈ પણ અવતારના મુખમાં આ પ્રકારનો હકદાવો તે હડહડતું જુઠાણું જ ગણાય. તેથી કાળાં અંતઃકરણો ઉઘાડવાનું એકલું અજોડ સ્થળ તે તો નકંલક પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ છે. તો તમારું પાપી અંતઃકરણ આજે અને હમણાં જ તેમને પૂરેપૂરું સોંપી દો. કાળા કલંકથી મુકત થવાનું આ સૌથી છેલ્લું અને વિજયી પગથિયું છે.

## (ડ) તમારે નિર્ભય બનવું જોઈએ

મરણ પછી મારી શી ગતિ થશે એ વિચારથી માણસ ધ્રૂજી ઊઠે છે, એનું કારણ તો પાપનું કલંક છે, તેથી મરણ આવે તે પહેલાં તમારે નિર્ભય બનવું જોઈએ. જો તમે વિલંબ કર્યા વગર

તમારાં પાપનો ખરેખરો પસ્તાવો કરીને તે તજી દેશો, અને એકલા નકલંક પ્રભુ ઈસુને તમારા પોતાના તારનાર તરીકે પૂરેપૂરાં વિશ્વાસથી સ્વીકારી લેશો તો તે તમને તમારા કલંક ટળી ગયાની પૂરી ખાતરી કરી આપશે, તેથી તમારા આનંદનો પાર રહેશે નહિ, તમારી શાંતિ ઊભરાઈ જશે, આ પૃથ્વી પર તમે નિષ્કલંક જીવન ગાળી શકશો, અને છેવટે તમને મરણની લગારે બીક લાગશે નહિ, તેમ જ મરણ પછી પણ તમે અનંતકાળનું સુખ ભોગવવા શકિતમાન થશો.

**૩. નકંલક પ્રભુ ઈસુના આગમનથી નિપંજેલાં પરિણામ :**

**(૧) અંધકાર લોપ થતો જાય છે.**

પાપને કારણે અંધકારમય બનેલા જગતમાં ન્યાયીપણારૂપી સૂર્ય પ્રભુ ઈસુ ખ્રિસ્તના આવવાથી ભારે ફેરફાર થયો છે, ને થતો જાય છે. બાળકોને મહત્વ આપવામાં આવ્યું છે, સ્ત્રીઓને સન્માન પ્રાપ્ત થયું છે, ગુલામીની પ્રથા નાબૂદ થઈ છે, ભેદભાવ નષ્ટ થતા જાય છે, જ્ઞાતિબંધન, બાળલગ્ન, વિધવાવિવાહપ્રતિબંધ, વરવિક્રય, કન્યાવિક્રય, અનેક પ્રકારના વહેમ, કોમવાદ, વગેરે બંધ થતાં જાય છે. જયાં જયાં પ્રભુ ઈસુ ખ્રિસ્તે પ્રવેશ કર્યો છે, ત્યાં ત્યાં જૂના આદર્શો લોપ થવા લાગ્યા છે, અને નવા આદર્શોને કારણે સમાજ, રાષ્ટ્ર, દુનિયા અને વ્યકિતગત માણસનું પરિવર્તન થયું છે, ને થતું જાય છે. આ રીતે નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં જે પ્રકાશ છે તે જગતમાં ફેલાતો જાય છે, અને સામાજિક, ધાર્મિક, આર્થિક તથા નીતિવિષયક અંધારું અલોપ થતું જાય છે.

**(૨) સતયુગની સ્થાપના થઈ ચૂકી છે**

લોકો કહે છે કે, હાલ કલિયુગ ચાલે છે. ખરી વાત છે કે હાલ જગતમાં ભૂંડાઈનો જેટલો અંધકાર છવાયો છે તેટલો પહેલાં

કદી જ નહોતો. આટઆટલી કેળવણી, આટઆટલી સંસ્કૃતિ અને આટઆટલી વિજ્ઞાનની શોધખોળ હોવા છતાં દુનિયામાં અંધકારનો પાર નથી. પરંતુ બાઈબલમાં લખ્યું છે તેમ "અજવાળું અંધકારમાં પ્રકાશે છે." જગતના ઈતિહાસનો આ સાર છે. પાપના અંધકારમાં નકલંક પ્રભુ ઈસુનો પ્રકાશ પ્રગટયો છે. નકલંક પ્રભુ ઈસુએ કહ્યું છે કે, 'હું સત્ય છું.' તેનું રાજય આત્મિક છે. સત્યરૂપે તે માણસના મનમાં પ્રવેશ પામ્યો છે, અને પોતાના સતયુગની સ્થાપના તેણે કરી છે. માણસના મનમાં તેણે પોતાનું રાજય સ્થાપ્યું છે, અને તેને તે નિત્ય વધારતો જાય છે. તેનો સ્થાપેલો આ સતયુગ જગતની આગળ નકલંક પ્રભુ ઈસુરૂપી સત્ય ધરી રહ્યો છે. દુનિયા ભલે હારે કે જીતે, પણ તેની હાર કદી જ થવાની નથી. તેના સ્થાપેલા આત્મિક રાજયમાં અનેક પ્રજાજનો નાગરિક બની રહ્યા છે. તેના સ્થાપેલા સતયુગમાં તેની પ્રજા માટે તેણે જે અદ્દભુત રાજબંધારણ પર્વત પરના પોતાના પ્રવચનમાં રજૂ કર્યું છે, તે જો તમે વાંચશો તો તેણે સ્થાપેલા સતયુગનો ખરો ખ્યાલ તમને આવ્યા વગર રહેશે જ નહિ. સત્ય શું છે ? નકલંક પ્રભુ ઈસુ પોતે જ સત્ય છે, અને તેનો સ્થાપેલો યુગ એ ખરો સતયુગ છે. શું તમે એ યુગમાં જીવો છો ?

### (૩) સૃષ્ટિમાં નવો પલટો થતો જાય છે.

નકલંક પ્રભુ ઈસુએ કહ્યું છે કે, "જુઓ, હું બધું નવું કરું છું." નકલંક પ્રભુ ઈસુના જીવન અને શિક્ષણની અસર આ દુનિયા પર કંઈ જેવી તેવી થઈ નથી. તેણે શીખવ્યું છે કે, ઈશ્વર પિતા છે, અને તમામ માનવજાત ભાઈઓ છે. બાઈબલમાં કહ્યું છે કે, "હવે નથી કોઈ યહૂદી, નથી કોઈ ગ્રીક, નથી કોઈ પુરુષ, નથી કોઈ સ્ત્રી, નથી કોઈ શેઠ, નથી કોઈ ગુલામ, પરંતુ ઈસુ ખ્રિસ્તમાં બધાં એક છે." આ પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્તે કાળાગોરાનો

નાતજાતનો, ઊંચનીચનો, રાયરંકનો, ભણેલા અભણનો તમામ પ્રકારનો ભેદભાવ દૂર કર્યો છે. તેણે દુનિયાના તમામ પ્રકારનાં માણસોને જીતી લીધાં છે, તેના મંડળમાં હિંદુસ્તાનના વાસુદેવાય બ્રાહ્મણ અને હરિજન, કોઈપણ જાતનો ભેદભાવ છે જ નહિ.

નકંલક પ્રભુ ઈસુના જીવન અને શિક્ષણની અસરને લીધે દુનિયાના તમામ માણસો અને ધર્મો પર ભારે અસર થયેલી છે. દરેક ધર્મમાં નવીન તત્વો અને નવીન રચના દાખલ થતાં જાય છે, સામાજિક રીતરિવાજો પલટાય છે, જીવનવ્યવહાર પલટાય છે, કાર્યપ્રદેશ પલટાય છે. જેવાં કે શાળાપાઠશાળાઓ, દવાખાનાં, અનાથાશ્રમો, ઘોડિયાખાતાં ઈત્યાદિ. આ તમામ ફેરફાર નકલંક પ્રભુ ઈસુને પ્રતાપે છે. તેણે દુનિયાને એકાકાર કરવા માડેલી છે, જાણે વાઘબકરી સાથે સાથે રહેતાં હોય તેવો ફેરફાર આપણે જોઈ શકીએ છીએ.

## (૪) તે કુંવારી કન્યાને વર્યો છે.

નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તને જે જે નામ આપવામાં આવ્યાં છે, તેમાંનું એક "વર" છે. એ નામ ઉપમારૂપ છે. આ પૃથ્વી પર તેના જે અનુયાયીઓ છે, તે વડે બનેલા મંડળને "કન્યા" ની ઉપમા આપવામાં આવેલી છે. નકલંક સ્વામી પ્રભુ ઈસુ તેના મંડળનો શિરપતિ છે. તે એકલો જ તેની શોભા છે. વર એટલે શોભા. જેમ કન્યા વર સાથે નિકટનો સંબંધ ધરાવે છે તેમ તેનું મંડળ પણ નકંલક પ્રભુ ઈસુ સાથે અખંડ સંબંધ ધરાવે છે. તેની ઈચ્છા પ્રમાણે ચાલવા કન્યા (મંડળી) બંધાયેલી છે, તેને વફાદાર રહેવું, એ તેનો ધર્મ છે. ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ આ તમામ બાબતનો મહાન સાક્ષી છે. વરે કન્યાને પસંદ કરી છે, અને કન્યાએ વરની આધીનતા સ્વીકારી છે. આ વર અને કન્યા જગતમાં અજોડ છે. તેનો સંબંધ જગતમાં ગૌરવી અને પ્રકાશિત છે. દુનિયાના દરેક દેશમાં તેણે

પોતાની મંડળી સ્થાપી છે, અને તે તમામને તે ઐક્યમાં લાવતો જાય છે. હા, તે મંડળીને સ્થાપિત કરતો જાય છે.

**૪. નકલંકનું બીજી વાર પ્રગટ થવું.**

અમે નકલંક અવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે ઉપર જણાવી ગયા, કે તે કબર પર જય પામીને ત્રીજે દિવસે પાછા સજીવન થયા; સજીવન થયા પછી તેમણે પોતાના ચેલાઓને જુદે જુદે સ્થળે વારંવાર દર્શન દીધાં. આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવી રીતે તે તેઓની વચમાં વખતોવખત હાજર થયા, પોતાના શરીર ઉપર પડેલા જખમો તેઓને બતાવ્યા, તેમની સાથે બેસીને ખાધુંપીધું ને તેમની સાથે વાત કરતાં કરતાં પોતા વિષેની પૂરી ખાતરી કરી આપી, કે અગાઉથી ભાખેલાં આગમ પ્રમાણે મારે તો આ જગત પર આવવાની અને ભાખેલાં આગમો સંપૂર્ણ કરવાની અનિવાર્ય અગત્ય હતી.

તેમણે સતયુગ એટલે "આકાશનું રાજય" પૃથ્વી પર સ્થાપિત કર્યું. એ રાજયનો બહોળો વિસ્તાર થાય માટે તેમણે પોતાના ચેલાઓને તે રાજયના પ્રથમ કારભારીઓ નિમ્યા. છેવટે તે પોતાના ચેલાઓને એક ઊંચા પહાડ પર લઈ ગયા. અને પોતાના હાથ પ્રસારીને તેઓને આશીર્વાદ દેતાં દેતાં છેલ્લાં વચનો કહી સંભળાવ્યાં કે :

(૧) "આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે, એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો : બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ; મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શિખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું" (નવો

. કરાર માથ્થી ૨૮ : ૧૮-૨૦)

(૨) "જે કાળ તથા સમય બાપે પોતાના અખત્યારમાં રાખ્યા છે, તે જાણવાનું તમારું કામ નથી. પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો, અને યરુશાલેમમાં, આખા યહૂદાહમાં સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો" (નવો કરાર પ્રે.કૃ. ૧ : ૭,૮)

(૩) "એ વાતો કહી રહ્યા પછી તેઓના દેખતાં તેને ઉપર લઈ લેવામાં આવ્યો; અને વાદળાંએ તેઓની દષ્ટિથી તેને ઢાંકી દીધો. તે જતો હતો ત્યારે તેઓ આકાશ તરફ એકી નજરે જોઈ રહેલા હતા, એવામાં ઉજળાં વસ્ત્ર પહેરેલા બે પુરુષ (દૂતો) તેઓની પાસે ઊભા રહેલા હતા; તેઓએ કહ્યું કે, ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતાં કેમ ઊભા રહ્યા છો ? એ જ (નકલંક ઈસુ જેને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે, તે જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમ જ તે પાછો આવશે." (નવો કરાર પ્રે.કૃ. ૧ : ૯-૧૧)

સદરહુ છેલ્લા શબ્દો "તેમ જ તે પાછો આવશે." તે તરફ વાચકોનું ખાસ ધ્યાન ખેંચવા હું ચાહું છું. તેના પાછા પ્રગટ થવા વિષે જે શબ્દો ઉચ્ચારવામાં આવ્યા, તે કંઈ આ પહેલી જ વખતે ઉચ્ચારવામાં આવ્યા નથી. એ નકલંકના પાછા આવવા વિષે તો ઘણી અગમવાણીઓ ભાખેલી હતી. એમાંના થોડા દાખલા હું નીચે ટાકું છું :-

## (અ) નકલંક પ્રભુ ઈસુના બીજી વખત પ્રગટ થવા વિષેની અગમવાણીઓ :

### (૧) નકલંક પ્રભુ ઈસુના બીજી વખત પ્રગટ થવા વિષેની અગમવાણી :

"હું વહેલો આવું છું" પ્રકટી. ૩ : ૧૧. "જુઓ, હું થોડી વારમાં આવું છું." પ્રકટી ૨૨ : ૧૨

"તે દહાડાઓની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે. ત્યારે માણસના દીકરાની (નકલંક પ્રભુ ઈસુની) નિશાની આકાશમાં દેખાશે, ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો (જેઓએ તેના પ્રથમ આગમન સમયે અંગીકાર નહિ કર્યો તેઓ) શોક કરશે, અને માણસના દીકરાને નકલંક ઈસુને પરાક્રમ તથા મોટા મહિમાસહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે. પછી રણશિંગડાના મોટા અવાજ સહિત તે પોતાના દૂતોને મોકલશે; ને તેઓ ચારે દિશામાંથી આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે" (નવો કરાર માથ્થી ૨૪ : ૨૯- ૩૧)

"હું (નકલંક ઈસુ) તમને કહું છું કે, હવે પછી માણસના દીકરાને પરાક્રમના જમણા હાથ પર બેઠેલો તથા આકાશના મેઘો પર આવતો તમે દેખશો" (નવો કરાર માથ્થી ૨૬ : ૬૪)

### (૨) નકલંક પ્રભુ ઈસુના પાછા આવવા વિષે દૂતોની સાક્ષી

"ગાલીલનાં માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઊભા રહ્યા છો ? એ જ (નકલંક) ઈસુ, જેને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમ જ તે પાછો આવશે." પ્રે.કૃ. ૧ : ૧૧.

(૩) **નકલંક પ્રભુ ઈસુના પાછા આવવા વિશે સંત હનોખે ભાખેલી વાણી**

"જુઓ, સઘળાંનો ન્યાય કરવાને, સર્વ અધર્મીઓએ જે સર્વ અધર્મી કામો અધર્મીપણામાં કર્યાં, અને અધર્મી પાપીઓએ તેની વિરુદ્ધ જે સર્વ કઠણ વચનો કહ્યાં તે વિષે પણ તેઓ સઘળાને અપરાધી ઠરાવવાને પ્રભુ પોતાના હજારોહજાર સંતોસહિત આવશે" ( નવો કરાર યહુદા ૧ : ૧૫).

(૪) **નકલંક પ્રભુ ઈસુના પાછા આવવા વિશે સંત પાઉલે ભાખેલી વાણી**

"પ્રભુ પોતે ગર્જનાસહિત પ્રમુખ દૂતની વાણીસહિત તથા દેવના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે. અને (નકલંક) ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઊઠશે. પછી આપણામાંના જેઓ જીવતા રહેનારાં છીએ તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળામાં તણાઈ જઈશું અને એમ સદા પ્રભુની સાથે રહીશું" (નવો કરાર : ૧ થેસ્સા ૪ : ૧૬,૧૭).

"દેવની સમક્ષ અને (નકલંક) ખ્રિસ્ત ઈસુ જે જીવતાં તથા મૂએલાંનો ન્યાય કરવાનો છે તેની સમક્ષ, ને તેના પ્રગટ થવાની તથા રાજયની આણ દઈને હું તમને આગ્રહપૂર્વક કહું છું કે (તું નકલંકનાં વધામણાં) પ્રગટ કર." ૨ તીમો. ૪ : ૧

"ત્યાર પછી તે કાળિંગો અધર્મી પ્રગટ થશે. નકલંક પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે." ૨. થેસ્સા ૨ : ૮.

(૫) **નકલંક સ્વામી પ્રભુ ઈસુના પાછા આવવા વિષે સંત યોહાને ભાખેલું આગમ**

"મોટા જનસમૂહના જેવી તથા ઘણા પાણીના પ્રવાહના જેવી

તથા ભારે ગર્જનાઓના જેવી વાણીને એમ બોલતી મેં સાંભળી કે, હાલેલૂયાહ, હવે સર્વશકિતમાન નકલંક પ્રભુ આપણો દેવ રાજ કરે છે. આપણે આનંદ કરીએ તથા બહુ હર્ષ પામીએ, અને તેને મહિમા આપીએ, કેમ કે નકલંક હલવાનના લગ્નનો દિવસ પાસે આવ્યો છે, અને તેની કન્યાએ પોતાને તૈયાર કરી છે." પ્રકટી ૧૯ : ૬, ૭.

બાઇબલમાં ભાખેલી સદરહુ અગમવાણીઓ પ્રમાણે એ નિષ્કલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તના પાછા પ્રગટ થવાની રાહ, સમસ્ત ખ્રિસ્તી પ્રજા, આતુર ભાવે રાહ જોઈ રહેલી છે.

નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તના બીજી વાર પ્રગટ થવાને સમયે આ દુનિયા પર ભારે વિપત્તી આવશે, અને તે દહાડાઓની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે, અને આકાશથી નકલંક સ્વામી પ્રગટ થશે.

**(બ) નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત બીજી વાર પ્રગટ થશે, તે વિષે આપેલું ભાવિ દ્દશ્ય.**

નકલંક પ્રભુ ઈસુનો એક ચેલો, જે પહેલી સદીને અંતે હયાત હતો, તેને થયેલા દર્શનનું વર્ણન કરતાં લખે છે કે, "હું યોહાન તમારો ભાઈ, અને વિપત્તિમાં તથા નકલંક ઈસુના રાજય તથા ધૈર્યમાં ભાગીદાર, દેવના વચનને લીધે તથા નકલંક ઈસુની સાક્ષીને લીધે, પાત્મસ નામે બેટમાં દેશનિકાલ થયો હતો. તે વખતે" મેં આકાશ ઊઘડેલું જોયું, તો જુઓ, એક શ્વેત ઘોડો, અને તેના પર એક જણ બેઠેલો છે. તેનું નામ વિશ્વાસુ તથા સાચો છે. તે પ્રામાણિકપણે ન્યાય તથા લડાઈ કરે છે. તેની આંખો અગ્નિની જવાળા જેવી છે, અને તેના માથા પર ઘણા મુગટ છે.

તેના પર એવું નામ લખેલું છે કે જે તેના સિવાય બીજું જાણતું નથી. તેણે રકતથી છંટાયેલો ઝભ્ભો પહેરેલો છે, તેનું નામ **દેવનો શબ્દ** છે. આકાશમાંના સૈન્યો શ્વેત ઘોડા પર સવાર થઈને ઉજળાં તથા શુદ્ધ બારીક શણનાં વસ્ત્રો પહેરીને તેની પાછળ પાછળ ચાલ્યાં. તેના મોંમાંથી ધારવાળી તરવાર નીકળે છે, કે તે વડે તે વિદેશીઓને મારે, તે લોઢાના દંડથી તેઓના પર અધિકાર ચલાવશે, અને સર્વશકિતમાન દેવના સખત કોપનો દ્રાક્ષાકુંડ તે ખૂંદે છે. તેના ઝભ્ભા પર તથા તેની જાંગ પર "રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ" એવું નામ લખેલું છે (નવો કરાર પ્રકટીકરણ ૧૯ : ૧૧-૧૬).

ખ્રિસ્તી ધર્મશાસ્ત્રમાં વર્ણવેલા સદરહુ દશ્યને વિષ્ણુના થનાર દશમા અવતાર "કલ્કી" ની સાથે તમે સરખામણી કરો.

**(ક) નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્તના બીજીવાર પ્રગટ થવાને સમયે થનાર છેલ્લા ન્યાયકાળનું દૃશ્ય**

**(૧) ન્યાયનો દિવસ**

"નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના મહિમામાં સર્વ પવિત્ર દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે પોતાના મહિમાના રાજયાસન પર બિરાજશે, અને સર્વ દેશજાતિઓ તેની આગળ એકઠી કરાશે, અને જેમ ઘેટાંપાળક ઘેટાંને બકરાંથી જુદાં પાડે છે તેમ તે તેઓને એકબીજાથી જુદા પાડશે. અને ઘેટાંને તે પોતાને જમણે હાથે, પણ બકરાંને ડાબે હાથે રાખશે. ત્યારે (નકલંક) રાજા પોતાની જમણી તરફનાઓને કહેશે, કે મારા બાપના આશીર્વાદિતો, આવો. જે રાજય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો. પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે, ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ

તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ. અને તેઓ સાર્વકાલિક શાસનમાં જશે, પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં જશે" (નવો કરાર માથ્થી ૨૫ : ૩૧ -૪૬)

## (૨) પુનરુત્થાન અને છેલ્લો ન્યાયકાળ

પ્રભુના જે શિષ્યે આ દશ્ય દર્શનદ્વારા જોયું, તે તેનું વર્ણન કરતાં આ પ્રમાણે લખે છે :-

"મેં મોટું શ્વેત રાજયાસન જોયું અને તેના પર બેઠેલા પુરુષને (નકલંકને) જોયો, તેની સન્મુખથી પૃથ્વી તથા આકાશ જતાં રહ્યાં અને તેઓને સારુ કોઈ સ્થાન મળ્યું નહિ. પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને, દેવની સમક્ષ ઊભાં રહેલાં જોયાં, અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું પુસ્તક છે તે પણ ઉઘાડવામાં આવ્યું, તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો. સમુદ્રે પોતાનામાં જેઓ મૂએલાં હતાં તેઓને પાછાં આપ્યાં. અને મરણે તથા હાડેસે પણ પોતાના જેઓ મૂએલાં હતાં, તેઓને પાછાં આપ્યાં, અને દરેકનો ન્યાય તેની કરણીઓ પ્રમાણે કરવામાં આવ્યો. મરણ તથા હાડેસને અગ્નિની ખાઈમાં નાખવામાં આવ્યાં. અગ્નિની ખાઈ એ જ બીજું મરણ છે. જો કોઈ જીવન પુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો" (નવો કરાર પ્રકટી ૨૦ : ૧૧-૧૫)

## (૩) સહસ્ત્ર વર્ષ સુધી શેતાનનો (કાળિંગાંનો) બંદીવાસ અને છેવટે તેનો વિનાશ

નકલંક અવતાર પ્રગટ થશે ત્યારે તે કાળિંગો શેતાનનું શું કરશે ? એ વિષે બાઇબલમાં આ પ્રમાણેં લખ્યું છે :-

નકલંકના વહાલા શિષ્ય યોહાનને સંદર્શનમાં તે વાત

આગળથી દેખાડવામાં આવી, તેનું બ્યાન તે પોતે કરે છે. "પછી મેં એક દૂતને આકાશમાંથી ઊતરતો જોયો, તેની પાસે ઊંડાણની કૂંચી હતી, અને તેના હાથમાં એક મોટી સાંકળ હતી. તેણે પેલા અજગરને એટલે ઘરડો સર્પ જે દોષ મૂકનાર તથા શેતાન છે, તેને પકડયો, અને હજાર વર્ષ સુધી તેને બાંધી રાખ્યો. તેણે તેને ઊંડાણમાં નાખી દઈને તેને બંધ કર્યું, અને તે પર મુદ્રા કરી, જેથી હજાર વર્ષ પૂરાં થતાં સુધી તે ફરી લોકોને ભૂલાવે નહિ, જયારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે, એટલે તે પૃથ્વીને ચાર ખૂણે રહેતી પ્રજાઓને, ભમાવીને લડાઈને સારુ તેઓને એકઠા કરવાને બહાર આવશે, પણ આકાશમાંથી અગ્નિ ઊતર્યો, અને તેઓનો સંહાર કર્યો. અને તેઓને (માનવજાતને) ભમાવનાર શેતાનને પકડીને અગ્નિ તથા ગંધકની ખાઈમાં નાખી દેવામાં આવ્યો, ત્યાં તેઓ રાતદહાડો સદાસર્વકાળ વેદના ભોગવશે. નવો કરાર પ્રકટી ૨૦ : ૧- ૧૦. આ પ્રમાણે "નકલંક કાળિંગાને છુંદશે," એવું જે અગમવાણીઓમાં હાલ ગવાય છે, તે તે વખતે પૂર્ણ થશે.

**૫. નકલંકનો છેલ્લો મહામેળો**

પ્રગટ થનાર નકલંકના માનમાં ભાવિક ભકતજનો અને સંતસાધુઓ તેમ જ તેઓની સાથે મેળામાં ભાગ લેનાર અશિક્ષિત ગ્રામ્યજનો પ્રતિવર્ષે મેળો ભરે છે. અને પ્રગટ થનાર નકલંકની રાહ જોતાં જોતાં, ઘણા જ આવેશમાં અગમવાણીઓ લલકારે છે, અને તે વહેલાં પધારે એવાં વિનવણાં કરે છે. તેમ જ જયાં કહીં બે કે ત્રણ ભકતજનોનો સંતસમાગમ થાય છે, ત્યાં આગળ પણ તેઓ સાથે બેસીને નકલંકની અગમવાણીઓ એક સૂરથી લલકારે છે, અને શ્રોતાજનોને નકલંકનું ભાન કરાવતાં જાગૃત કરે છે.

નકલંક સ્વામી આ દુનિયા પર પ્રગટ થશે ત્યાં સુધી સદરહુ

મેળાનું દશ્ય પ્રતિવર્ષે જોવામાં આવશે. વાચક વર્ગની સમક્ષ એવા એક છેલ્લા મહામેળાનું દશ્ય અમે રજૂ કરવા ચાહીએ છીએ. તે નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે છે. નકલંક સ્વામીના એક સંતને એ છેલ્લા મહામેળાનું દર્શન થયું. તે તેણે પોતે પ્રગટ કર્યું છે, તે આ પ્રમાણે છે :-

"મેં જોયું તો જુઓ, સર્વ દેશોમાંથી આવેલા સર્વ કુળના, લોકના તથા ભાષાના કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા કે મહામેળો (તેઓ રાજયાસનની આગળ તથા હલવાનની) નકલંક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્તની આગળ ઊભેલા હતા; તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા, અને તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી, તેઓ મોટે સાદે પોકારીને કહે છે, કે અમારો દેવ, જે રાજયાસન પર બેઠેલો છે, (એટલે આપણો ઉત્પન્નકર્તા પ્રેમી પિતા) તેને તથા હલવાનને (એટલે આપણે બદલે બલિદાન થયેલા નિષ્કલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તને) તારણને માટે ધન્યવાદ હોજો.

સઘળા દૂતો રાજયાસનની તથા વડીલોની તથા ચારે પ્રાણીઓની આસપાસ ઊભા રહેલા હતા; તેઓએ રાજયાસનની આગળ દંડવત્ પ્રણામ કરતા દેવની આરાધના કરીને કહ્યું કે આમેન; અમારા દેવને ધન્યવાદ તથા મહિમા તથા જ્ઞાન તથા ઉપકારસ્તુતિ તથા માન તથા પરાક્રમ તથા સામર્થ્ય સદાસર્વકાળ હો. આમેન.

પછી તે વડીલોમાંના એકે મને (એટલે આ દર્શન જોનારને) પૂછયું કે, જેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા તેઓ કોણ છે, અને કયાંથી આવ્યા છે ? તેને મેં કહ્યું, કે મારા મુરબ્બી તમે જાણો છો.

તેણે મને કહ્યું, જેઓ મોટી વિપત્તિમાંથી એટલે કાળિંગાના રાજયમાંથી આવ્યા તેઓ એ છે; તેઓએ પોતાનાં વસ્ત્ર ધોયાં, અને હલવાનના (બલિદાન કરેલા) રકતમાં ઊજળાં કર્યાં. માટે તેઓ દેવના રાજયાસનની આગળ છે, અને તેના મંદિરમાં (એટલે પરમ પવિત્ર સ્થળે) રાતદહાડો તેની સેવા કરે છે. અને રાજયાસન પર જે બેઠેલો છે તે તેમના પર મંડપરૂપે રહેશે. તેઓને ફરી ભૂખ લાગશે નહિ, અને ફરી તરસ પણ લાગશે નહિ; અને સૂર્યની ઝાળ અથવા કોઈ પ્રકારનો તાપ તેઓના ઉપર પડશે નહિ, કેમ કે રાજયાસન મધ્યે જે હલવાન (એટલે નકંલક સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત) છે, તે તેઓનો પાળક થશે, અને જીવનના પાણીના ઝરાઓ પાસે તેઓને દોરી લઈ જશે; અને દેવ તેઓની આંખોમાંથી પ્રત્યેક આંસુ લોહી નાખશે" (નવો કરાર) પ્રકટી. ૭ : ૯-૧૭.

હે નકલંક સ્વામીના દર્શનાભિલાષી સંત સમાગમીઓ અને ભાવિક ભકતજનો !! એ નકલંકના છેલ્લા મહામેળાનું દશ્ય વિશ્વાસની દષ્ટિએ નિહાળતાં, તમારો આત્મા તમને શું કહે છે તેનો વિચાર કરો. આ દુનિયા પર ભરાતા નકલંકના નાનામોટા મેળામાં, ભલે તમે વખતોવખત હાજરી આપતા હશો; પરંતુ એ છેલ્લા મહામેળામાં હાજર થવાને તમે અત્યારથી તૈયારી કરો છો? તેમજ નકલંક સ્વામી પોતે તે મહામેળામાં હાજરાહજૂર હાજર થશે. તેના દર્શનનો લાભ લેવાને તમે આતુર અપેક્ષા ધરાવો છો? એવી ભાવના તમારા હ્રદયમાં ઉદ્દભવતી હોય તો પ્રથમ તમારા આત્માને પાપરૂપી જે કલંક લાગ્યાં છે તેને નકલંક સ્વામી પ્રભુ ઈસુના રકતમાં ધોઈ નાખવાં પડશે, અને તમારે ઉજળા બરફ જેવા

થવું પડશે. તે સિવાય સદરહુ મહામેળામાં તમે કદી પ્રવેશ પામી શકવાના નથી. તેથી અમે તમને નમ્રતાપૂર્વક વિનવીએ છીએ કે નકલંક સ્વામી પ્રભુ ઈસુની ઓળખ કરીને તેને શરણે વહેલા આવો, તેનો આશ્રય લો. એમ કરશો તો, એ છેલ્લા મહામેળા વખતે તમને દૂરથી આવતા જોઈને તે કહેશે કે, "મારા બાપના આશીર્વાદિતો, આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે, તેનો વારસો લો." એ મેળામાં ભાગ લેવાને તમને એવાં આવકારનાં ધન્યતામય વચનો કહી સંભળાવશે ત્યારે તમારા આનંદનો પાર રહેશે નહિ. તમારા કર્ણ પર એ વચનો પડશે ત્યારે તમારો આત્મા પૂરી શાંતિ પામશે, અને તમે સર્વકાળના જીવનમાં આનંદી જીવન ગાળવાને ભાગ્યશાળી થશો.

યુરોપ ખંડની છેક ઉત્તરે, કાઠિયાવાડની પેઠે જ ગોરા લોકોનો એક દેશ છે, અને તે પણ એક દ્વીપકલ્પ છે. ત્યાંના લોકો ખસૂસ રીતે કાઠિયાવાડના લોકોને મળતા આવે છે, એટલે કે તેઓ પણ નકલંકની અગમવાણીઓ ગાવાને ભારે રસ લેતા હતા, અને તેઓ એવી આશા રાખતા હતા કે તે પાછો આવવાનો છે. બાલ્ડર નામના તેમના એક દેવને તેઓ નકલંકનો અવતાર માનતા હતા, અને તેઓ તેનાં બહુ જ યશોગાન ગાતા હતા. એક વખત એવું બન્યું કે, લૉકિ નામના એક અસુરે તેને મારી નાખ્યો, તેથી તેઓ બહુ જ નિરાશ થઈ ગયા. પરંતુ તેઓ એવી આશા રાખતા હતા કે અમારો નકલંક દેવ બાલ્ડર વહેલો પાછો પ્રગટ થવાનો છે. તેઓ અતિ ઉત્સાહભેર તેના ફરી પ્રગટ થવાની રાહ આતુર ભાવે જોતા હતા, અને ટોળેટોળાં મળીને તેની અગમવાણીઓનાં ભજનો મધુર સ્વરે લલકારતા હતા.

એ અરસામાં નકલંક પ્રભુ ઈસુના સેવકો તે દેશમાં જઈ પહોંચ્યા. તેઓએ તેમને કહ્યું કે, બાલ્ડર તો નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તરૂપે કયારનોયે જગતમાં આવી ગયો. તેમણે તેઓને નકલંક પ્રભુ ઈસુના જીવન, શિક્ષણ અને તેણે આપેલા બલિદાનનો ઉપદેશ કર્યો. વળી એ નકલંક પ્રભુ ઈસુ માણસોનાં કાળાં કલંક કેવી રીતે ટાળે છે તેની સમજૂતી આપી. તેઓને ખાતરી થઈ કે અમે જે નકલંક અવતારની રાહ જોઈ રહ્યા છીએ તે તો ખરેખર, પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે જ છે. પોતાના ત્રાતા તરીકે તેઓએ તેનો સ્વીકાર કર્યો, અને એમ તેઓ નકલંકના મહામેળામાં સામેલ થવા હકદાર થયા.

નકલંકની રાહ જોઈ રહેલાં ભાઈબહેનો ! એકનોએક અને ખરેખરો નકલંક પ્રભુ ઈસુ તો આ જગતમાં કયારનોયે આવી ગયો છે, એ અમે ઉપર સવિસ્તાર જણાવી ગયા છીએ; પરંતુ જગતના અંતકાળે તે એક વાર ફરીથી, અમે ઉપર જણાવી ગયા તેમ, તે એક ખાસ રીતે પાછો પધારવાનો છે; તેનો સત્કાર કરવાની તૈયારી તમારે અવશ્ય કરવી જોઈએ. તે કયારે આવશે એ કોઈ જાણતું નથી, તેથી તમારે તમારાં પાપનો ખરો પસ્તાવો કરીને તથા એકલા તેના પર જ તમારો તમામ આધાર રાખીને તેની જ રાહ જોતા રહેવું જોઈએ. જો તમે એમ કરશો તો તેના મહામેળામાં સામેલ થવાનો અને અનંતકાળ સુધી નિરંતર તેની સ્તુતિ ગાયા કરવાનો અમૂલ્ય લાભ તમને મળ્યા વગર રહેશે જ નહિ. તમે આજે અને હમણાં જ તેને શરણે આવો. તેને તમારા ઉદ્ધારનાર તરીકે સ્વીકારી લો, ત્યારે જ તે તમને ખરા આનંદ અને સાચી શાંતિથી ભરપૂર કરી દેશે. નકલંક પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જયજયકાર થાઓ. તથાસ્તુ.

## નીચે દર્શાવેલાં પુસ્તક જરુર વાંચો

| પુસ્તકનું નામ | રૂ. કિંમત |
|---|---|
| ગુજરાતી ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ | ૨૫-૦૦ |
| ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ | ૫૦-૦૦ |
| ભજન સંગ્રહ (સાદા) | ૩૦-૦૦ |
| ભજન સંગ્રહ (પાતળા) | ૪૦-૦૦ |
| ધર્મનું તત્ત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૩૦-૦૦ |
| શાસ્ત્રપ્રતિકદર્શક કોષ | ૪૫-૦૦ |
| ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાનાં તત્ત્વો | ૩૫-૦૦ |
| પવિત્ર શાસ્ત્રનો વિશેષ નામકોષ | ૫૦-૦૦ |
| વિલિયમ કેરી | ૧૨-૦૦ |
| ક્રિશ્ચિયન ટેલીફોન ડિરેક્ટરી | ૮-૦૦ |
| પરિવર્તન પામેલાં પાત્રો | ૫-૦૦ |
| બાઈબલ અભ્યાસ ભાગ ૧ થી ૭ | ૩૨-૦૦ |
| સૌથી મહાન વિજેતા | ૨-૦૦ |
| બેન-હર (ઐતિહાસિક નવલકથા) | ૧૦-૦૦ |
| કોસકથાનાં પાત્રો | ૧૦-૦૦ |
| ધિ રોબ નવલકથા | ૨૦-૦૦ |
| વહાલાં ફુલડાં | ૬-૦૦ |
| રશિયા ઇઝરાયલ અને બાઈબલ | ૧૨-૦૦ |
| યરુશાલેમનું મંદિર બંધાશે ? | ૭-૦૦ |
| સચિત્ર બાઈબલ અભ્યાસ માર્ગદર્શિકા | ૧૫-૦૦ |
| બાઈબલ માહિતિકોશ ભાગ-૧ (પ્રેસમાં) | ૧૫-૦૦ |
| બાઈબલ માહિતીકોશ ભાગ-૨ | ૧૫-૦૦ |
| યુવાવસ્થા સોનાની ખાણ | ૨-૦૦ |
| કલ્યાણી | ૨-૦૦ |
| રાજરાજેશ્વર | ૭-૦૦ |
| એક યોગીનો નવો જન્મ | ૧૦-૦૦ |
| જીવનના જળ | ૩-૦૦ |
| આતમના ઓસડ | ૪-૦૦ |
| ફુલડાંની ફોરમ | ૭-૦૦ |
| ઈશ્વરનો સાક્ષાત્કાર | ૧૦-૦૦ |

* * *

4BGN2

PRINTED BY : JENSON COMPUTERS, MANINAGAR, AHMEDABAD-8. ✆ 2147641